RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 20* Date: 09.11.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આર્થિક અનામત પર સુપ્રીમનો નિર્ણય

## છેવટે ગરીબ ઉચ્ચ જાતિઓની વાત સુપ્રીમ કોર્ટે સાંભળી

**સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેન્ચે બહુમતીથી આ નિર્ણય આપ્યો હતો. ચીફ જસ્ટિસ સહિત બે ન્યાયાધીશો આવી અનામત સાથે સહમત ન હતા,**





નવીદિલ્હી,તા.૮

હવે સામાન્ય વર્ગના ગરીબ લોકો માટે ૧૦ ટકા અનામતનો રસ્તો સાફ થઈ ગયો છે, જોકે એ હજુ પણ અમલમાં છે, પરંતુ આ પહેલીવાર છે, જ્યારે એને સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે પચાસ ટકાથી વધુ અનામત આપવાની મર્યાદા પણ આડે નહીં આવે. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેન્ચે બહુમતીથી આ નિર્ણય આપ્યો હતો. ચીફ જસ્ટિસ સહિત બે ન્યાયાધીશો આવી અનામત સાથે સહમત ન હતા, જ્યારે બાકીના ત્રણ ન્યાયાધીશ સંમત થયા હતા. આ નિર્ણય પચાસ ટકાથી ઉપરના અન્ય પ્રકારની જ્ઞાતિ અનામત (જેમ કે ગુર્જર આરક્ષણ, મરાઠા આરક્ષણ વગેરે)માં ઉદાહરણ બની શકશે કે કેમ, એ અત્યારે કહી શકાય એમ નથી, પરંતુ એટલું ચોક્કસ છે કે આંદોલનકારી સમાજ કે જ્ઞાતિ જૂથ આને ઉદાહરણ તરીકે રજૂ કરીને માગ જરૂર કરશે.

જે બે જજે આર્થિક રીતે પછાત લોકોને અનામત આપવા અસંમતી દર્શાવી છે તેમની દલીલ છે કે આ વર્ગને અનામત આપવી બંધારણીય હોઈ શકે છે, પરંતુ બાકીના અનામત વર્ગમાંથી ગરીબોને દૂર કરવા યોગ્ય નથી, તેથી એ સમાનતાના પક્ષમાં કહી શકાય નહીં. અનામત વર્ગના ગરીબો દ્વારા એનો અર્થ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગના ગરીબો હતો. જોકે આ વર્ગને પહેલાંથી જ અનામતની જોગવાઈ છે. પ્રશ્ન એ પણ ઊભો થઈ શકે છે આ ત્રણેય વર્ગને બેવડા અનામતનો લાભ શા માટે આપવો જોઈએ?ઈડબ્લ્યુએસ અનામતના દાયરામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના ગરીબો નહીં આવે. જીઝએ કહ્યું હતું કે આ ભેદભાવવાળો નથી અને બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતું નથી. જણાવી દઈએ કે જસ્ટિસ દિનેશ મહેશ્વરી, જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ જેબી પારડીવાલાએ આ કાયદાને સમર્થન આપ્યું હતું પણ એ સામે જ્યારે ચીફ જસ્ટિસ લલિત અને જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ એ તેના સમર્થનમાં નહતા.આ દરમિયાન ચીફ જસ્ટિસ લલિત તેમના કાર્યકાળના અંતિમ દિવસે કોર્ટની કાર્યવાહીનું સંચાલન કરી રહ્યા હતા ત્યાં એમને કહ્યું હતું કે 'અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના ગરીબોને આનાથી બહાર રાખવો એ એ ભેદભાવ દર્શાવે છે અને આ બંધારણીય રીતે પ્રતિબંધિત છે.

જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ્ટે પોતાનો અને ચીફ જસ્ટિસ લલિત નો નિર્ણય પોતે લખ્યો હતો અને એ વાંચતાં એમને કહ્યું હતું કે 'અમે આ વાતમાં બહુમતીના મત સાથે સહમત નથી. ગણતંત્રના સાત દાયકામાં પહેલી વખત આ અદાલતે સ્પષ્ટપણે બહિષ્કરણ અને ભેદભાવને મંજૂરી આપી છે. આપણું બંધારણ બહિષ્કારની ભાષા બોલતું નથી અને મારુ માનવું છે કે આ સંશોધન સામાજિક ન્યાયના માળખાને કમજોર બનાવશે.' ન્યાયમૂર્તિ ભટ ઈઉજી આરક્ષણ સંબંધિત બંધારણીય સુધારા પર અસંમત હતા અને ચીફ જસ્ટિસ લલિતે જસ્ટિસ ભટના મંતવ્ય સાથે સહમતિ દર્શાવી હતી.ન્યાયાધીશોએકોર્ટરૂમમાં ૩૫ મિનિટથી વધુ સમય ચાર અલગ-અલગ નિર્ણયો વાંચવામાં પસાર કર્યો. આ દરમિયાન જસ્ટિસ મહેશ્વરીએ પોતાનો નિર્ણય વાંચતા કહ્યું હતું કે, '૧૦૩મો સુધારો બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતો કહી શકાય નહીં, અનામત એ સકારાત્મક કાર્ય કરવાનો એક માર્ગ છે જેથી કરીને સમતાવાદી સમાજના ધ્યેયને સર્વસમાવેશક રીતે આગળ વધારી શકાય.આ કોઈપણ વંચિત વર્ગ અથવા જૂથના સમાવેશનું એક સાધન છે.જસ્ટિસ ત્રિવેદી અને જસ્ટિસ પારડીવાલાએ એક જેવી જ વાત કરતાં કહ્યું હતું કે, ×સંવિધાન ઘડનારાઓએ શું વિચાર્યું હતું, ૧૯૮૫માં બંધારણીય બેંચે શું પ્રસ્તાવ મૂક્યો હતો અને બંધારણની શરૂઆતના ૫૦ વર્ષ પછી તેઓ શું પ્રાપ્ત કરવા માગતા હતા,એમ હતું કે અનામત નીતિ એક નિશ્ચિત સમયગાળા સુધી હોવી જોઈએ જેમાં આઝાદીના ૭૫ વર્ષ પછી પણ પ્રાપ્ત નથી કરી શકાયું. એવું ન કહી શકાય કે ભારતમાં પ્રાચીન કાળથી ચાલી રહેલી જાતિ વ્યવસ્થા દેશમાં અનામત વ્યવસ્થા માટે જવાબદાર છે. એ એસસી, એસટી અને ઓબીસી સમુદાયના લોકો સાથે થતા અન્યાયને સુધારવા અને પછાત વર્ગના લોકોને સમાન તકો પ્રદાન કરવા માટે લાવવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં પછાત વર્ગના લોકો શિક્ષણ અને રોજગાર મેળવી રહ્યા છે અને આવા લોકોને પછાત વર્ગમાંથી દૂર કરવા જોઈએ. આમ કર્યા પછી એવા લોકો પર ધ્યાન આપવામાં આવે જેમને ખરેખર મદદની જરૂર છે.'

બીજી તરફ, આર્થિક રીતે ગરીબોને આનો લાભ કેવી રીતે મળશે એ પણ એક પ્રશ્ન છે, કારણ કે મફત અનાજ લેનારા એંસી કરોડ લોકો ગરીબની શ્રેણીમાં તો હશે જ. દસ ટકાથી બધાને શું ફાયદો થશે? ચોક્કસપણે એને સારી શરૂઆત કહી શકાય, કારણ કે આ નિર્ણયનો આધાર જ્ઞાતિવાદથી ઘણો પર છે. આમાં દેશના ગરીબોના ભલા માટેનો વિચાર છે.જે પછાત વર્ગની અનામત છે એ પણ એક રીતે આર્થિક અનામત પણ છે, કારણ કે આઠ લાખ રૂપિયા વધુ વાર્ષિક આવક ધરાવતા પરિવારની કોઈપણ વ્યક્તિને પછાત વર્ગના અનામતનો લાભ મળતો નથી. આનાથી વધુ આવક ધરાવતા આ જાતિના લોકો ક્રીમી લેયરમાં આવે છે.

આર્થિક ગરીબોની અનામતમાં આઠ લાખ રૂપિયાની વાર્ષિક આવકની મર્યાદા પણ છે, આથી આ બંને સમાન છે. શક્ય છે કે ભવિષ્યમાં દેશમાં તમામ પ્રકારના રિઝર્વેશન પર ક્રીમી લેયરનો ક્રાઈટેરિયા લાગુ કરવામાં આવે.

સામાજિક સુધારો અને નબળા વર્ગના લોકો પ્રત્યે દરેક દેશવાસીની ફરજ હોવી જોઈએ, આનાથી કોઈને કોઈ આપત્તિ નથી, પણ ક્યાંય કોઈ મર્યાદા તો હોવી જોઈએ. સમય તેમજ આવકની પણ. દેશમાં ઉચ્ચ જાતિઓમાં પણ ઘણા પરિવારો એવા છે, જેઓ રોટલી માટે વલખાં મારે છે, પરંતુ આજ સુધી કોઈએ તેમની વાત સાંભળી નથી. આ દસ ટકા અનામત પછી આ ઉચ્ચ જાતિઓને ચોક્કસપણે રાહત મળશે.

## 'જ્યારથી મેં અમેઠીમાં રાહુલ ગાંધીને હરાવ્યા ત્યારથી તેઓ ભાગતા ફરે છે'- સ્મૃતિ ઈરાનીનો કટાક્ષ



શિમલા,તા.૮

હિમાચલ પ્રદેશમાં, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ સોમવારે કોંગ્રેસની 'ભારત જોડો યાત્રા' પર પ્રહાર કરતા કહ્યું કે જ્યારથી તેમણે અમેઠીમાં રાહુલ ગાંધીને હરાવ્યા છે ત્યારથી તે દેશભરમાં ભાગતા છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં ઈરાનીએ તેમને રાહુલ ગાંધીના ગઢ અમેઠીમાં હરાવ્યા હતા, જોકે રાહુલ ગાંધી કેરળની વાયનાડ બેઠક પરથી લોકસભાની ચૂંટણી જીત્યા હતા. ૧૨ નવેમ્બરે યોજાનારી હિમાચલ વિધાનસભા ચૂંટણી માટે રેણુકાજી વિધાનસભા ક્ષેત્રમાં રેલીને સંબોધિત કરતી વખતે મહિલા અને બાળ વિકાસ મંત્રી ઈરાનીએ કહ્યું, "પરંતુ તેઓ જ્યાં ગયા, ત્યાં શું થયું? કોંગ્રેસ ત્યાં પણ ચૂંટણી હારતી રહી.

ઈરાનીએ યાત્રામાં ભાગ લેનારા કેટલાક લોકો પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ યાત્રા કાઢી, કેરળમાં કોની સાથે આ યાત્રા કાઢી? તે લોકો સાથે જેઓએ ગાયોની કતલ કરી અને પછી ઈન્ટરનેટ પર ફોટો અપલોડ કર્યો. અને કોંગ્રેસના યુવરાજ યાત્રા કાઢીને પીઠ થપથપાવી રહ્યા છે. "તેઓએ (કોંગ્રેસ) એ લોકો સાથે યાત્રા કાઢી હતી જેમણે કાશ્મીરને ભારતથી અલગ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો," તેમ તેમણે કહ્યું.

ઈરાનીએ કોંગ્રેસના કાર્યકરોને પૂછ્યું, 'જ્યારે તમારા નેતા એવા લોકોને સમર્થન આપે છે જેઓ ખંડિત ભારત જોવા માગે છે, ત્યારે શું તમારું લોહી ઉકળતુ નથી ? જ્યારે તમારા નેતા ગાયના હત્યારાઓની પીઠ થપથપાવે છે, ત્યારે શું તમારું લોહી ઉકળતુ નથી?'

## ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગ, પૂર્વ મુખ્યમંત્રી રઘુવર દાસનો રાજ્યપાલને પત્ર

**મુખ્યમંત્રીએ ઈડી ઓફિસમાં હાજર થવાને બદલે ઉશ્કેરણીજનક ભાષણ આપીને તપાસ એજન્સીઓને પડકાર ફેંક્યો હતો.**



રાંચી,તા.૮

ઝારખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરવામાં આવી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી રઘુવર દાસે રાજ્યપાલ રમેશ બૈસને પત્ર લખીને કલમ ૩૫૬ હેઠળ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરવાની માંગ કરી છે. આ સિવાય પૂર્વ મુખ્યમંત્રીએ સીએમ હેમંત સોરેન પર પોતાના કાર્યકરોને હિંસા ભડકાવવાનો આરોપ પણ લગાવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી રઘુવર દાસે કહ્યું કે ઈડી દ્વારા સમન્સ પાઠવ્યા બાદ મુખ્યમંત્રીએ ઈડી ઓફિસમાં હાજર થવાને બદલે ઉશ્કેરણીજનક ભાષણ આપીને તપાસ એજન્સીઓને પડકાર ફેંક્યો હતો. રઘુવર દાસે કહ્યું કે મુખ્યમંત્રી પદ પર બેઠેલા વ્યક્તિ દ્વારા આવું કૃત્ય ગેરકાયદે અને ગેરબંધારણીય છે.ઝારખંડમાં કેન્દ્રીય તપાસ એજન્સીઓની કાર્યવાહી બાદ જે રીતે સત્તાધારી પક્ષના નેતાઓ કે ખુદ મુખ્યમંત્રી દ્વારા અપાતા નિવેદનો ગેરબંધારણીય છે, રાજ્યની કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે, તે જોઈને એવું લાગી રહ્યું છે કે મુખ્યમંત્રી હેમંત સોરેન રાજ્યમાં આતંક મચાવી રહ્યો છે.અને અરાજકતાનું શાસન સ્થાપિત કરવા માંગતા હોય તો આ રાજ્યમાં તાત્કાલિક રાષ્ટ્રપતિ શાસન લાદવું જોઈએ.

હકીકતમાં, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રઘુવર દાસે રાજ્યપાલ રમેશ બૈસને પત્ર લખીને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરી છે, તેમણે રાજ્યપાલને કલમ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણ કરવાની માંગ કરી છે. રાજ્યપાલ રમેશ બૈસ બૈસને લખેલા પત્રમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રઘુવર દાસે જણાવ્યું છે કે મુખ્ય પ્રધાન હેમંત સોરેન, બંધારણીય હોદ્દો ધરાવતા હોવા છતા, તપાસ એજન્સીઓને મદદ કરવાને બદલે, તેમના કાર્યકરોને હિંસા માટે ઉશ્કેરી રહ્યા છે, ગેરકાયદે માઈનિંગ કેસમાં ઈઢ દ્વારા સમન્સ મોકલવામાં આવ્યા બાદ. બોલાવવા પર, તેણે ઈઢ ઓફિસ જવાને બદલે, તેના નિવાસસ્થાનની બહાર હજારો રાજ્ય કાર્યકરોને એકત્રિત કરીને ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું.રઘુવર દાસે આરોપ લગાવ્યો છે કે મુખ્ય પ્રધાન હેમંત સોરેન જાણીજોઈને બંધારણીય કટોકટી ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેઓ ઈચ્છે છે કે તેમના કહેવાતા સમર્થકો હિંસક બને અને ઈઢને દબાણ કરીને ગેરમાર્ગે દોરવામાં આવે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી કેન્દ્રીય તપાસ એજન્સીને ખુલ્લો પડકાર ફેંકે છે અને રાજકીય લાભ માટે રાજ્યના નિર્દોષ લોકોને ઉશ્કેરવાનું કામ કર્યું છે. રઘુવર દાસે પોતાના પત્રમાં લખ્યું છે કે મુખ્યમંત્રી જેવા બંધારણીય પદ પર રહેલા વ્યક્તિ દ્વારા આ પ્રકારનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે.જો તે કાયદાની જોગવાઈઓ અનુસાર ચાલતું ન હોય અને તે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરી શકે છે.

## લાલકૃષ્ણ અડવાણીના ૯૫માં જન્મદિવસે મોદીએ ઘરે જઈને અડવાણીને અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી,તા.૮

ભાજપના નેતા લાલકૃષ્ણ અડવાણી મંગળવારે ૯૫ વર્ષના થયા. આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘરે જઈને અભિનંદન પાઠવ્યા હતા. લગભગ ૪૦ મિનિટ સુધી મોદી તેમની સાથે રહ્યા અને કેક કાપી જન્મદિવસની ઉજવણી કરી હતી. આ ઉપરાંત રાજનાથ સિંહ પણ અડવાણીના ઘરે પહોંચ્યા હતા. રાજનાથ સિંહે અડવાણી સાથેનો ફોટો ટ્વિટ કર્યું- 'હું ભગવાનને તેમને સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની પ્રાર્થના કરું છું.'.રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ,ભાજપના નેતાઓ,કેન્દ્રીય મંત્રીઓએ પણ અડવાણીને શુભેચ્છા પાઠવી હતી.રાજનાથ સિંહે કહ્યું કે અડવાણીએ દેશ, સમાજ અને પાર્ટી માટે ખૂબ મહત્વનું યોગદાન આપ્યું છે. તેમની ગણતરી દેશની સૌથી મોટી હસ્તીઓમાં થાય છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે અડવાણીએ તેમના અથાક પ્રયાસોથી દેશભરમાં પાર્ટી સંગઠનને મજબૂત કર્યું. સરકારમાં રહેતા તેમણે દેશના વિકાસમાં પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે. શાહે તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની પાર્થના કરતા શુભેચ્છા પાઠવી હતી.અડવાણીનો જન્મ ૮ નવેમ્બર ૧૯૨૭ના રોજ કરાચીમાં થયો હતો. ૨૦૦૨ અને ૨૦૦૪ની વચ્ચે તેઓ અટલ બિહારી વાજપેયીની સરકારમાં ૭મા નાયબ વડાપ્રધાન રહ્યા હતા. આ પહેલા તેઓ ૧૯૯૮ થી ૨૦૦૪ સુધી એનડીએ સરકારમાં ગૃહમંત્રી હતા.

## પાણી ભરવા બાબતે આદિવાસી યુવકને માર મારતા મોત, ત્રણ આરોપીઓની ધરપકડ

જોધપુર,તા.૮

રાજસ્થાનના જોધપુરમાં એક ૪૬ વર્ષીય આદિવાસી વ્યક્તિને ટ્યુબવેલમાંથી પાણી લેવા માટે માર મારવામાં આવ્યો હતો. મૃતકના ભાઈ અશોકે આરોપ લગાવ્યો છે કે, આરોપીઓએ સુરસાગરમાં ભોમ્યાજીની ખીણમાં રહેતા ૪૬ વર્ષીય કિશનલાલ ભીલને જાતિસૂચક શબ્દોનો ઉપયોગ કરીને હડધૂત કર્યા હતા અને પરિવારના સભ્યોને કિશનલાલને હોસ્પિટલમાં લઈ જવા દીધા ન હતા. તેમણે કહ્યું કે, પોલીસના આગમન પછી જ પરિવારના સભ્યો ગંભીર રીતે ઘાયલ કિશનલાલને હોસ્પિટલમાં લઈ જઈ શક્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું.

પોલીસે જણાવ્યું કે, આ કેસમાં અત્યાર સુધીમાં ત્રણ આરોપી શકીલ, નાસિર અને બબલુની અટકાયત કરવામાં આવી છે અને તેમની સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## મહાવિકાસ અઘાડી સરકારને પછાડ્યા બાદ શિંદે ફરીવાર ૩૯ ધારાસભ્યો સાથે આસામ જશે

મુંબઈ,તા.૮

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહા વિકાસ આઘાડી સરકારને પાડી દીધા પછી આ એમની પહેલી વિઝિટ છે. જણાવી દઈએ કે આ અગાઉ ઉદ્ધવ સરકારમાં બળવો કરવા માટે એકનાથ અને શિવસેનાના બળવાખોર ધારાસભ્યોએ આસામમાં જ આશરો લીધો હતો.તો હવે આ વખતે એકનાથનું શું પ્લાનિંગ હશે..મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના સીએમ શિંદે અને તેમના ૩૯ ધારાસભ્યો આસામના ગુવાહાટીમાં આવેલ પ્રસિદ્ધ કામાખ્યા દેવી મંદિરમાં દર્શન કરવા જઈ રહ્યા છે અને મહારાષ્ટ્રમાં નવી સરકારની રચના બદલ ત્યાં આભાર વ્યક્ત કરશે. જણાવી દઈએ કે શિંદે કેમ્પના એક પદાધિકારીએ તેને શિંદે-ફડણવીસ સરકારની સ્થાપના પહેલા કરવામાં આવેલ વચન પૂર્તિ તરીકે વર્ણવ્યું હતું.જણાવી દઈએ કે ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી સરકારના સમર્થનને પાછા ખેંચ્યા પછી શિંદે અને તેનાં ધારાસભ્યોએ આ જૂનમાં ગુવાહાટીમાં ધામા નાખ્યા હતા અને એ પછી તેને ભાજપ સાથે ગઠબંધન કરીને જુલાઈમાં સત્તા સંભાળી હતી.આ સમયે શિંદે કેમ્પના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુવાહાટી પછી ધારાસભ્યો અયોધ્યામાં રામ મંદિરની મુલાકાત લેશે પણ અયોધ્યા મુલાકાતની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી.જણાવી દઈએ કે વ્યવસ્થાની તપાસ કરવા અને મુખ્યમંત્રી અને ધારાસભ્યો માટે આ કાર્યક્રમ તૈયાર કરવા માટે વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ પહેલેથી જ ગુવાહાટી રવાના થઈ ગઈ છે અને આ સાથે જ ધારાસભ્યોના પરિવારજનો પણ એમની સાથે જોડાઈ શકે એવી શક્યતા છે.

## તંત્રી સ્થાનેથી...

# સમાન સંહિતાની જરૂર




*ભાજપે હિમાચલ પ્રદેશ માટે જારી કરેલ ચૂંટણી ઢંઢેરામાં જો ફરીથી સત્તામાં આવે તો સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનો વાયદો કર્યો, જેના ઘણા ગૂઢાર્થ છે. કંઈક આ જ પ્રકારની પહેલ ચૂંટણીમાં ઉતરવા જઈ રહેલી ગુજરાત સરકારે પણ કરી છે. તેણે એક સમિતિ બનાવીને રાજ્યમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં પગલાં ભર્યાં છે. આ એવાં જ પગલાં છે, જેવાં ચૂંટણી પહેલાં ઉત્તરાખંડ સરકારે ઉઠાવ્યાં હતાં. કાયદેસર હવે ઉત્તરાખંડ સરકારે આ દિશામાં ઝડપથી આગળ વધવું જોઈએ. તેણે કમ સે કમ એટલું તો કરવું જ જોઈએ કે પ્રસ્તાવિત સમાન નાગરિક સંહિતાનું કોઈ માળખું સામે લાવે, જેનાથી એના પર વિચાર-વિમર્શની પ્રક્રિયા ઝડપી બની શકે. એથી પણ વધુ સારું એ રહેશે કે આવી કોઈ પહેલ કેન્દ્ર સરકાર જ કરે, કારણ કે સમાન નાગરિક સંહિતા તો આખા દેશમાં લાગુ કરવાની જરૂર છે. આ જરૂરિયાત એટલા માટે વધી ગઈ છે, કારણ કે વિવાહ, સંબંધ વિચ્છેદ, વારસાઈ વગેરે મામલે એક દેશ-વિભિન્ન વિધાન જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. આ વિસંગતિનું નિવારણ ત્યારે જ થઈ શકે છે, જ્યારે આખા દેશમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવામાં આવે.*

*આ પ્રશ્નનો જવાબ સામે આવવો જ જોઈએ કે જ્યારે ભાજપશાસિત રાજ્ય સરકારો સમાન નાગરિક સંહિતાની દિશામાં પગલાં ભરી રહી છે, ત્યારે કેન્દ્ર સરકાર એવું કેમ નથી કરી રહી? પ્રશ્ન એ પણ છે કે ફક્ત ચૂંટણી સમયે જ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનો વાયદો કેમ કરવામાં આવે છે? શું કારણ છે કે અન્ય ભાજપ શાસિત રાજ્ય સરકારો આ દિશામાં કોઈ પહેલ નથી કરી રહી? શું તેઓ પણ ઉત્તરાખંડ, ગુજરાત અને હિમાચલની જેમ ચૂંટણીના અવસરે જ સમાન નાગરિક સંહિતાને લઈને સક્રિયતા દેખાડશે? જે પણ હોય, એ સ્વાગતયોગ્ય છે કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ હિમાચલ ભાજપના ઢંઢેરામાં સમાન નાગરિક સંહિતાનો ઉલ્લેખ થતાં એમ કહ્યું કે કોંગ્રેસ પણ આ સંહિતાના પક્ષમાં છે. જોકે તેણે એમ પણ કહ્યું કે સરકારે આ વિષય પર રાજનીતિ કરવાને બદલે સામાન્ય સમહતિ સાધવી જોઈએ, પરંતુ તેમનું કથન એ તો ઈંગિત કરી જ રહ્યું છે કે કોંગ્રેસને એ સમજાઈ ગયું છે કે તે સમાન નાગરિક સંહિતા મામલે એવું જ વલણ અપનાવીને નુક્સાનમાં રહેશે, જેવું તેણે શાહબાનો અને ટ્રિપલ તલાક મામલે અપનાવ્યું હતું. યોગ્ય એ રહેશે કે કોંગ્રેસના અન્ય નેતા અને વિશેષ રૂપે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સમાન નાગરિક સંહિતાના પક્ષમાં પોતાનો અવાજ ઉઠાવે. સમાન નાગરિક સંહિતા એ વિચાર છે, જેને અમલમાં લાવવાનો સમય પાકી ગયો છે. આ એક રાષ્ટ્રીય જરૂરિયાત છે, તેથી રાજ્ય સરકારોને બદલે કેન્દ્ર સરકારે સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં સક્રિય થવું જોઈએ.*

ચંદ્ર ગ્રહણ-જમીન પર  
અવાજ કર્યા સિવાય,  
ચૂપચાપ,  
મને ફોલો કરો.  
ચાંદ જોવાની તમન્ના છે?  
એ તમન્ના પૂરી થશે,  
એ પણ ધોળા દિવસે.  
એ ચાંદ ,  
એડીસી બેંકને અજવાળતો હતો!!  
ચાંદ એટલે ચાંદ.  
એને નામ ન હોય!  
કેવળ સર્વનામ હોય!!  
મંથર ગતિએ,  
રોડ ક્રોસ કરી સામે આવ્યો.  
એક હાથમાં વોટર બોટલ ભરવાની,  
બ્લુ રંગની જ્યુટ બેગ હતી.  
બીજા હાથમાં ભારેખમ પર્સ!!  
ચાંદ સ્લાઈટ સ્થુળ હોઇ શકે ??  
ચાંદને તો કાર જ હોય ને?  
તમારું અનુમાન ખોટું!  
એ ચાંદે એકટીવા પર પર્સ ટેકવ્યું.  
પર્સમાંથી બ્લેક ગોગલ્સ કાઢી આંખ પર ચડાવ્યા!!  
પછી એક દુપટ્ટો કાઢી ,  
અડધો વાળ્યો. દુપટ્ટો ચહેરા પર લગાવી એક છેડા સાથે બીજો છેડો બાંધ્યો. દુપટ્ટાથી કપાળ ઢાંક્યુ!!!  
હવે ચાંદના ગોગલ્સ પાછળ આંખ દેખાય!!  
ચાંદ વાદળો પાછળ લપાય,  
પણ,  
દુપટ્ટાથી ઢંકાય,  
એવું પહેલી વાર!!  
અમે ચાંદનું,  
દુપટ્ટાના રાહુકેતુથી ,  
જમીન પર થતું ગ્રહણ નિહાળ્યું!!!  
ભરત વૈષ્ણવ  
૦૮.૧૧.૨૦૨૨.# કવિતા

# પતિની હત્યા કરાવવા પત્નીએ સોપારી આપી અને ????

" બાબા. બાબા. બાબા"

"આગે તો બોલો"

" બાબા . બાબા. બાબા . બહું પરેશાન હૂં. ઓફિસમાં બોસ અને ઘરે બૈરી તંગ કરતી હૈ. મૈં તંગ આ ગયા હૂં. બાબા રાસ્તા દિખાઈયે.એક પતી ગયેલા પતિ નિર્મલ બાબાના સત્સંગ તરીકે ઓળખાતા દરબારમાં ગયો.બાબાને ગુહાર લગાવી .

બચ્ચે બેલન દેખતા હૈ!" અંતર્યામી બાબાએ કહ્યું.

" બાબા સિર્ફ બેલન જ દિખતા હૈ?" પેલો દુખી બોલ્યો.

" હા બચ્ચા!" બાબાએ તેનું વાક્ય દોહરાવ્યું.

" બાબાજી, આંખો ચેક કરાવો. લઘુગુરૂ દ્રષ્ટિની તકલીફ છે. કદાચ મોતિયો પાકી ગયો હોય!!" પત્ની પિડીત પતિ બોલ્યા . એમ કેમ કહે છે, વત્સ?" બાબાએ અકળાઈને પૂછયું.

" બાબા. વેલણ, સાણસી , ચીપિયો , તાવેથો, દસ્તો, આડણી પણ જુઓને! પત્ની આ શસ્ત્ર-અસ્ત્રથી નિશસ્ત્ર પર પ્રહાર કરે છે. આ કુપાળમા્ ઢીમચા દેખાય છે તે પત્નીના અમાનુષી ત્રાસને કલાત્મક રીતે બયાન કરે છે" પતિએ દર્દનાક ચિત્કાર કર્યો .

" દો બેલન ખા લેના ઔર ગરીબ કો બેલન બાંટ દેના કિરપા કાયમ ન રહેગી" આમ કહી બાબા કોઇને સંભળાય નહીં તે રીતે સ્વગોકત બબડ્યા ' હું તો તમારો ઉપાય કરીશ. મને વીસનોરીથી રોણ બચાવશે??

પત્ની પર થતા અત્યાચારો જગજાહેર છે. મહિલામંડળો, ફેમિનિસ્ટ વગેરે બિચારી અબળા પર ઈમોશનલ અત્યાચાર વગેરે કાગારોળ મચાવે છે. દહેજ માટે , પુત્ર માટે લગ્ન બાદ પત્ની ગમતી ન હોય, પતિના અંતરના તાર વોહ સાથે જોડાઇ ગયા, લગ્ન બાદ પતિનો પ્રેમિકા સાથેનો સંબંધ તરોતાજો થયો હોય, પતિ વ્યસની હોય-વ્યસન માટે પત્નીની મારઝૂડ કરતો હોય, પતિ ઘર ખર્ચના પૈસા આપતો ન હોય, પતિ કમાતો ન હોય, નણંદ-સાસુ-જેઠાણી-દેરાણીનો ત્રાસ હોય!! આવા કેટલાક કારણો હોય. આ બધા કારણો ચકાસો તો નવાણુ ટકામાં નારી જ નારીની દુશ્મન હોય. પારસ્પરિક અસહિષ્ણુતા કે અશાંતિમય સહ અસ્તિત્વ કારણભૂત હોય!!

પતિ તો બાપડો પતિ ગયેલો હોય. એની રહનસહન, વર્તન , જમતી વખતે ચબડચબડ અવાજ પત્નીને પસંદ ન હોય, ઊંઘમાં નસ્કોરા બોલે તો પત્નીનું મગજ કૂકરની જેમ ફાટે. એકવાર મગજ ફાટે પછી ધરતીકંપની જેમ આફટર શોક નોનસ્ટોપ આવ્યા કરે.

ઘણીવાર શુ રસોઇ બનાવવી તેની પત્ની પૃચ્છા કરે. પતિ જે જે વાનગી સૂચવે તેના પર પત્ની ચોકડી લગાવી રિજેકટ કરે. જુગારમાં ખેલી જેમ બ્લાઇન્ડમાં છેલ્લે પતા શો કરે તેમ પતિની ખીચડી બનાવવા પર મંજૂરીની મહોર મારે. બેન તારે ખીચડી કરવી હતી તો પછી પતિનો મત લેવાનું કમઠાણ શા માટે કરે છે??

કેટલાક પતિઓએ તમામ રોગોના લવાજમ ભરેલા હોય છે. પતિના શરીરને હોટલ લીલા કેમ્પેન્સકી સમજીને રોગો રોકાણાર્થે આવતાજતા રહે છે.

એક કિસ્સામાં એક પતિ હતા. પતિ ડાયાબિટિક હતા. તેમ છતાં મનસ્વી પત્નીએ બટાટાનું શાક બનાવ્યું. વાસ્તવમાં સુખી દામ્પત્યની એકતરફી ચાવી મુજબ પતિએ ચૂપચાપ બટાટાનું શાક ડોજરામાં ભરી લેવાનું હોય. પછી ડાયાબિટીસની ગોળીનો એકસ્ટ્રા ડોઝ લઇ લેવાનો હોય પતિ સાહેબ મંગલ પાંડે થવા ગયા. બટાટાનું શાક કેમ બનાવ્યું એવું માસૂમિયતથી પત્ની પૂછયું.વિવાદિત બટેટાનુ શાક ખાવાનો ઈક્રાર કર્યો. જેના લીધે પત્ની રણચંડી બની ગઇ. નારી શૈતાન બની ગઇ. વગર વાદળે વગર ચોમાસે શ્રીકાર ગાળ વર્ષા થઇ કડાકાભડાકા થયા. પત્નીએ પતિને મેલાં કપડાં માની સાબુ-પાવડર વિના ધોઇ નાંખ્યો . પતિને હાથે ફ્રેકચર થયું!!હવે મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે!!

એક સરકારી અધિકારી સામે તેની પત્નિએ છેક મંત્રી સુધી ફરિયાદ કરતો પત્ર લખી તેની તે ઓફિસમાંથી અન્ય ઓફિસમાં બદલી કરવા અનુરોધ કર્યો હતો. તેનાં કારણમાં તે મહિલાએ જણાવ્યું હતું કે તેને તે ઓફિસની એક મહિલા કર્મચારી સાથે ગેરકાયદે સંબંધો છે, પરંતુ તે ફરિયાદમાં સરકારને કોઇ વજૂદ ન લાગતાં તેને યથાસ્થાને રહેવા દીધો હતો. આથી ઝનૂને ભરાઇ તે મહિલા ઘણીવાર તેની ઓફિસમાં પહોંચી જઈ અભદ્ર ભાષામાં તેને ઓફિસના અન્ય કર્મચારીઓની હાજરીમાં જ ખખડાવી નાખતી હતી. આથી તંગ આવી જઈ તે વ્યકિતએ, ફેમિલિ કોર્ટમાં ફરિયાદ નોંધાવી અને છૂટાછેડાની માગણી કરી હતી જે રાયપુરની ફેમિલી કોર્ટે સ્વીકારતાં તે મહિલાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે અંગે ચુકાદો આપતાં હાઈકોર્ટે રાયપુરની ફેમિલિ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું!!

સામાન્ય રીતે પતિ અને પ્રેમિકા વચ્ચે પત્ની નડતર બનતી હોય છે. એટલે પતિ પત્નીનું કાસળ કાઢવા અને પ્રેમિકા સાથે ગુલછર્રા ઉડાડવા પ્રોફેશનલ શાર્પ શૂટરને સોપારી આપતો હોય છે. ક્યારેક પ્રેમિકાની વધતી જતી ડીમાન્ડને લીધે પરણીત પ્રેમી કંટાળા જાય અને પ્રમિકાનો કાંટો દૂર કરવા પ્રોફેશનલ કિલરને સોપારી આપતો હોય છે.

બેંગલોરમાં ઉલ્ટી ગંગા વહી.એક મહિલાએ તેના પતિનું અપહરણ કરીને હત્યા કરવા માટે ત્રણ ગુંડાઓને સોપારી આપી હતી. મહિલાને લાગ્યું કે આના માધ્યમથી તે પોતાની ખતરનાક યોજનાને પાર પાડી શકશે, પરંતુ એવું થઈ શક્યું નહીં. સોપારી લેનારા ગુંડાઓએ તેના પતિનું અપહરણ કર્યું, પરંતુ તેનાથી ઉલટાનું એની સાથે મિત્રતા કરી. મહિલાના પતિ સાથે જોર શોરથી પાર્ટીઓ કરીને તેના શરીર પર ટોમેટો કેચપ મુકીને તેને સુવડાવી દીધી. ત્યારપછી તેની કેટલીક તસવીરો લઈને મહિલાને મોકલી અને કહ્યું કે અમે તારા પતિને મારી નાખ્યા છે. હવે પોલીસે અનુપલ્લવી નામની મહિલાની ધરપકડ કરી છે, જેણે તેના પતિની હત્યાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ સિવાય તેની માતા અમ્મોજમ્માની પણ ધરપકડ કરવામાં આવી છે.!!!

પતિ, પ્રેમિકા અને પત્નીનો પ્રણય ત્રિકોણ કે પ્રમેય કે સમીકરણ સમજવા ગહન હોય છે. તે પ્રશાંત મહાસાગર કરતાં પણ ઊંડા અને ભૂંડા હોય છે!!

ભરત વૈષ્ણવ  
૦૮.૧૧.૨૦૨૨.#  
હાસ્યલેખ




જન્મ સાથે મળેલાં સગપણના સંબંધથી સાવ અલગ અને અળગો સંબંધ એટલે જ દોસ્તી. એમાં કોઈ ઋણાનુબંધ કે લોહીની સગાઈની વાત નથી હોતી.

'આ મારું છે માટે હું તેને માટે કંઈ કરું.× એવા કોઈ પણ સ્વાર્થ વગરનો સંબંધ એટલે જ મૈત્રી, દોસ્તી, ગોઠડી કે મિત્રતા. 'મિત્રતા' એ શબ્દની સાથે તરત જ યાદ આવે તેવું કોઈ નામ હોય તો તે છે, કૃષ્ણ-સુદામા. ક્યાં એક રાજાધિરાજ શ્રીકૃષ્ણ,ક્યાં ગરીબ બ્રાહ્મણ સુદામા! કોઈ એક તત્વ પણ એવું નહોતું, જે બંને વચ્ચે સામાન્ય હોય. કિન્તુ એક સાથે એક ગુરુ પાસે જ્ઞાનપ્રાપ્તિ કરી, એ દરમ્યાન ફૂટેલી દોસ્તીની કૂંપળો, સમય સાથે વૃદ્ધિ પામતી ગઈ.

ભૌતિક અંતર કે સામાજિક દરજ્જાન દોસ્તી પર ઊની આંચ પણ ના આવી. આ સાથે જ પુરૂષોત્તમ ઉપાધ્યાય દ્વારા ગવાયેલું મધુરું ગીત યાદ આવે.

નહીં રે જાણેલી, કદિ નહીં રે માણેલી  
જેની ગોઠડી તોડાય નહીં તોડી,  
સંતો રે એવી કૃષ્ણ સુદામાની જોડી.

ખરા અર્થમાં 'સાચો મિત્ર' હોય તે શું ન કરે? તમારા જીવનનું કોકડું ક્યાંક ગૂંચવાયું હોય, તો સાચો મિત્ર ખભેખભા મિલાવીને એ કોકડું ઉકેલવામાં તમને છેક સુધી મદદ કરશે. ક્યારેક તમે કંઈ ભૂલ કરતાં જણાશો તો તે તમને રોકશે, સમજાવશે. અને સાચા માર્ગે વળશો નહીં, ત્યાં સુધી તમારું માથું ખાશે. તેને તમારા ગુસ્સાની કે દોસ્તીમાં તિરાડ પડવાની ચિંતા નહિ થાય. તેને રસ છે તો માત્ર એટલો કે તમે ભૂલનો ભોગ બનીને હેરાન ન થાવ. જેને હૈયે આપણું હિત વસ્યું હોય તે જ સાચો મિત્ર. આવો મિત્ર શોધવો એ પણ ઘાસની ગાંસડીમાંથી સોય શોધવા જેટલું જ કપરું કામ છે.

તમારી પાસે જો કોઈ પણ એકાદ પ્રકારની સિદ્ધિ હશે કે, અઢળક મિલકતના ધણી હો તો મિત્ર શોધવા જવાની જરૂર નહીં પડે. મધપુડા પર મંડરાતી મધમાખીઓની જેમ કહેવાતા મિત્રોનું ઝુંડ, તમને દિવસ-રાત ઘેરી વળશે. તેમની હાજરી ગમતી તમને રહે, તેવું વર્તન કરશે. તમને ખુશ રાખવાના કોઈ પ્રયત્નો કરવામાં તેઓ પાછા નહીં પડે. તમારા માટે ખાસ્સો સમય કાઢશે.

તમને એવો અહેસાસ કરાવશે કે, તેઓ માટે તમે ખાસ છો, એટલે સ્વાભાવિક રીતે જ, તમે તેમના ખાસ દોસ્ત બની જવાના! તમારો વિશ્વાસ સંપૂર્ણ પણે મેળવ્યા પછી, તે મિત્રો નિશ્ચિંત થઈને જીવશે અને ધીમે ધીમે ઊધઈની અદાથી તમને ફોલી ખાવાનું શરુ કરશે. સચિન તેંદુલકર કે, અમિતાભ બચ્ચન કે, પછી મોદીજી જેવી કોઈ સિદ્ધિના સ્વામી તમે હશો, ત્યારે પણ આવા મંડરાતા મિત્રો તમને ઘેરી વળશે. આવા બધા બગભગત જેવા મિત્રોથી ભર્યા આ જગતમાં, શુદ્ધ સોના જેવા મિત્રો પણ મળી આવે છે.

આવા મિત્રો વચ્ચે અટલ વિશ્વાસ, ઊંડી સમજ અને અદ્ભુત નિર્ણયશક્તિનો સમન્વય જોવા મળે છે. એક મિત્ર બીજાને ફોન કરે કે,

'દોસ્ત તું અત્યારે નીકળીને મારા ઘરે આવી જા, હું રાહ જોઉં છું.'

ત્યારે બીજો મિત્ર જવાબ આપે,

'હું તરત જ નીકળું, આપણે મળીએ.'

એક મિત્રને બીજા પર કેટલો વિશ્વાસ! સંબંધનાં મૂળિયાં કેટલાં ઊંડાં! કેમ શું કામ છે? કાલે આવું તો ચાલે? આવા કોઈ પ્રશ્નો કર્યા વગર, તેણે આવી જવા કહ્યું એટલે વ્યાજબી કારણ જ હોય, મારે નીકળી જ જવાનું હોય. આવા વિચાર સાથે પ્રયાણ કરે. ખાસ વાત તો એ છે કે, આવા સંબંધો પરસ્પર હોય છે. દુનિયામાં બસ એક, એક જ આવો મિત્ર મળી જાય તો તમે જગ જીતી જાવ. જીવન સરળ બની જાય! આટલી ઊંચી કક્ષાના મિત્ર મળવા માટે બહુ મોટું સદ્ભાગ્ય જોઈએ!

રશ્મિ જાગીરદાર

# દાઉદની ડી કંપની ફરી સક્રિય, ડોને આતંક ફેલાવવા હવાલા દ્વારા કરોડો મોકલ્યા

## અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમે આતંકવાદી ષડયંત્રને અંજામ આપવા માટે ૨૫ લાખ રૂપિયા મુંબઈ મોકલ્યા હતા



મુંબઈ,તા.૮

ટેરર ફંડિંગ કેસની તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અંગે મોટો ખુલાસો કર્યો છે. એજન્સીએ તાજેતરમાં દાખલ કરાયેલી સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં જણાવ્યું છે કે દાઉદ આતંકવાદીઓને મદદ કરવા માટે હવાલા મારફતે ભારત નાણા મોકલતો હતો. આ નાણા દુબઈ અને સુરત થઈને મુંબઈ મોકલવામાં આવ્યા હતા. દ્વૈછએ દાઉદ ઈબ્રાહિમ, છોટા શકીલ, તેના સાળા મોહમ્મદ સલીમ કુરેશી ઉર્ફે સલીમ ફ્રુટ અને બંને શેખ સામે ચાર્જશીટ દાખલ કરી છે. આ રકમ માટે કોડનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હોવાની માહિતી મળી છે.

એવી માહિતી મળી છે કે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમે આતંકવાદી ષડયંત્રને અંજામ આપવા માટે ૨૫ લાખ રૂપિયા મુંબઈ મોકલ્યા હતા. આ ચાર્જશીટ મુંબઈની કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી, જેમાં મુંબઈમાં હવાલા દ્વારા કરોડો રૂપિયાના ટેરર ફંડિંગનો ઉલ્લેખ છે. દાઉદ ઈબ્રાહિમ ઉર્ફે શેખ દાઉદ હસન અને શકીલ શેખ ઉર્ફે છોટા શકીલ ઉપરાંત આ ચાર્જશીટમાં ધરપકડ કરાયેલા ત્રણ આરોપી આરીફ અબુબકર શેખ, શબ્બીર અબુબકર શેખ અને મોહમ્મદ સલીમ કુરેશી ઉર્ફે સલીમ ફ્રુટના નામ છે.

આ ચાર્જશીટમાં એનઆઈએએ સ્પષ્ટ લખ્યું છે કે ડી કંપની ફરી એકવાર મુંબઈમાં પોતાનું ટેરર ??સિન્ડિકેટ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. ચાર્જશીટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કેવી રીતે દાઉદ ઈબ્રાહિમ હવાલા દ્વારા દેશમાં કરોડો રૂપિયા મોકલતો હતો જેથી કરીને અહીં આતંકવાદી ગતિવિધિઓ કરી શકાય. ચાર્જશીટ મુજબ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમે આતંકી ષડયંત્રને અંજામ આપવા માટે ૨૫ લાખ રૂપિયા મુંબઈ મોકલ્યા હતા. મુંબઈમાં આતંકવાદી ગતિવિધિઓ અને મોટી ઘટનાઓને અંજામ આપવા માટે દાઉદ ઈબ્રાહિમ અને તેના નજીકના સાથી છોટા શકીલે દુબઈ થઈને પાકિસ્તાનથી ૨૫ લાખ રૂપિયા મોકલ્યા હતા. ચાર્જશીટ મુજબ આ પૈસા સુરત થઈને ભારત આવ્યા હતા અને બાદમાં મુંબઈ પહોંચ્યા હતા.

આ નાણા હવાલા દ્વારા આરીફ શેખ અને શબ્બીર શેખને પહોંચાડવામાં આવ્યા હતા. ચાર્જશીટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ૪ વર્ષમાં લગભગ ૧૨ થી ૧૩ કરોડ રૂપિયા હવાલા દ્વારા ટેરર ??ફંડિંગ માટે ભારતમાં મોકલવામાં આવ્યા છે. એનઆઇએએ તેની ચાર્જશીટમાં કહ્યું છે કે પાકિસ્તાનથી ભારતમાં લાવવામાં આવેલા ૨૫ લાખ રૂપિયા આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે મોકલવામાં આવ્યા હતા.



# દેવ દિવાળી પર ૧૦ લાખ દીવાઓથી ઝળહળી ઉઠ્યા કાશીના ૮૪ ઘાટ

લખનૌ,તા.૮

કારતક પૂર્ણિમાના દિવસે મહાદેવની નગરી કાશીમાં દેવ દિવાળીનું ઉમંગ અને ઉલ્લાસ સાથે આયોજન કરવામાં આવ્યુ હતું. ગંગાના કિનારે ૮૪ ઘાટ પર ૧૦ લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા.જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, રાજયની યોગી આદિત્યનાથની આગેવાની હેઠળની સરકાર દ્વારા ગંગાના કિનારે ૮૪ ઘાટ પર ૧૦ લાખ દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા, જ્યારે જનભાગીદારી સાથે લગભગ ૧૧ લાખ દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે ભગવાન શિવે ત્રિપુરાસુર રાક્ષસનો વધ કર્યો હતો. ત્રિપુરાસુરના વધની ખુશીમાં, દેવતાઓએ કાશીમાં દીવાઓ પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી હતી અને તેથી જ કાશીમાં દર વર્ષે કારતક માસની પૂર્ણિમાએ દેવ દીપાવલી ઉજવવામાં આવે છે.

દિવાળીના અવસર પર ગંગાના પશ્ચિમ કિનારે આવેલા ૮૪ ઘાટો પર લગભગ આઠ લાખ દીવાઓ પ્રગટાવવામાં આવ્યા છે. આ સાથે પૂર્વ કિનારો પણ લગભગ બે લાખ દીવાઓથી ઝગમગી ઉઠ્યો છે.શહેરીજનો દ્વારા શહેરના મંદિરો, તળાવો અને અન્ય સ્થળોએ રોશની કરવામાં આવી છે. ચેત સિંહ ઘાટ પર લેસર શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેને પ્રવાસીઓએ ખૂબ પસંદ કર્યું.અસ્સી ઘાટ ખાતે મહામના મદન મોહન માલવિયા, તુલસી ઘાટ પર તુલસીદાસ, હરિશ્ચંદ્ર ઘાટ પર ડોમ રાજા, સિંધિયા ઘાટ ખાતે તૈલંગ સ્વામી જેવી વ્યક્તિઓની તસવીરો મૂકીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ગંગા સેવા નિધિ વતી દશાશ્વમેધ ઘાટ ખાતે અમર શહીદ જ્યોતિની પ્રતિકૃતિ તૈયાર કરીને શહીદ અમર સૈનિકોને દેવ દિવાળી અર્પણ કરવામાં આવી હતી. વારાણસી જિલ્લા મેજિસ્ટ્રેટ એસ રાજલિંગમે કહ્યું કે, સરકારી ઈમારતો, તમામ ચોક અને થાંભલાઓ પર ત્રિરંગા સહિત એલઈડી લાઈટિંગ કરવામાં આવી છે.આ ઉપરાંત એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન પર ઉતરતા મુસાફરોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ.

# ચુકાદાનો શ્રેય મેળવવા સત્તારૂઢ અને વિપક્ષ વચ્ચે પડાપડી મનમોહને શરૂ કરેલી પ્રક્રિયાનું પરિણામઃ કોંગ્રેસ

નવીદિલ્હી,તા.૮

ભાજપ અને કોંગ્રેસ બંનેએ આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત અંગેના સુપ્રીમના ચુકાદાનો શ્રેય મેળવવાના દાવા શરૂ કરી દીધા છે. જોકે, તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને ચુકાદાની ટીકા કરી હતી અને તેને સદીઓ જૂની સામાજિક ન્યાયની લડાઇ માટે આંચકો ગણાવ્યો હતો.ભાજપે સુપ્રીમ કોર્ટના ચુકાદાની પ્રશંસા કરી હતી. પક્ષે કોર્ટના નિર્ણયને દેશના ગરીબોને સામાજિક ન્યાય પૂરો પાડવાના વડાપ્રધાન મોદીના મિશનની જીત ગણાવી હતી.

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો ચુકાદો એવા પક્ષો માટે લપડાક છે જેમણે પોતાના સ્વાર્થ માટે મતભેદ ઊભા કરવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતીએ સુપ્રીમ કોર્ટના નિર્ણયને આવકાર્યો હતો અને ખાનગી ક્ષેત્રમાં પણ અનામતની માંગ કરી હતી. કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત કરી જણાવ્યું હતું કે, 'આર્થિક અનામત માટેનું એમેન્ડમેન્ટ મનમોહન સિંઘ સરકારે શરૂ કરેલી પ્રક્રિયાનું પરિણામ છે.' કોંગ્રેસના જયરામ રમેશે જણાવ્યું હતું કે, 'એમેન્ડમેન્ટ મનમોહન સિંઘ સરકારે ૨૦૦૫-૦૬માં સિન્હો કમિશનની નિમણૂક સાથે શરૂ કરેલી પ્રક્રિયાનું પરિણામ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



Nogss no 0002
શીર્ષક નારી શકિત

વિભાગ ગદ્ય
શબ્દ-૨૮૫
વિષય વીરતા પ્રમોદ ધર્મ
આ છે નારી શકિત

નારી શકિત એટલે શું?મને ઘણી વખત આ સવાલ થાય અને નારીસશકિતકરણ એટલે શુ?

ઈતિહાસમાં 'નારી શકિત'નાં ઘણાં ઉદાહરણ જોવાં મળે છે.

એવી તો અનેક વીરાંગનાઓ આ ધરા પર થઈ ગઈ જેની ગાથા આપણે સાંભળતાં જ આવ્યાં છીએ એ પછી જોહર હોય કે સતી થવું એ નારી જ કરી શકે.

તો આજે આપણે એવી વીરમાતા વાત કરીશું જે મને એક સમારોહમાં મળી. એક એવી વીરમાતાજે પોતાનાં એકનાં એક પુત્રની 'શહાદત' પર આંસુઓના સાગરમાં ડૂબવાને બદલે દેશસેવાને જ પોતાનાં જીવનનો ઉદ્દેશ્ય બનાવી દીધો નામ છે 'અનુરાધા વિષ્ણુ ગોરે કેપ્ટન વિનાયક ગોરેની માતા'જેણે પોતાનાં એકનો એક ૨૬ વર્ષનો જુવાનજોધ પુત્ર માતૃભૂમિની રક્ષાને કાજે વીરતા પુર્વક લડીને પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દીધાં એવાં વીરપુત્રના બલિદાનને એડે ન જવાં દઈને આ વીરમાતાએ પોતાનાં પુત્રના દેશપ્રેમનાં સ્વપ્નને પુર્ણ કરવાં નીકળી પડી એમનાં આ યજ્ઞમાં સાથ આપ્યો મુંબઈની 'પાર્લે ટિલક મહા વિદ્યાલયના' પ્રિન્સિપાલે એમણે અનુરાધાબહેનને પત્ર લખીને જણાવ્યું, 'અમારી શાળાનાં ૧૦૦પુત્ર તમારી રાહ જોઈ રહ્યાં છે .'

અનુરાધાબહેનને આનેજ પોતાનું મિશન બનાવી દીધું અને ૧૦૦પુત્રની માતા બની એમણે માતૃભૂમિની રક્ષાને કાજે તૈયાર કર્યા આજે તેઓ એક નહીં પણ અનેક પુત્રની માતા છે.

આજે આ વીરમાતાએ પોતાનાં પુત્રના શહાદતને પોતાનાં હદયમાં રાખીને આંખનાં અશ્રુ પીને કમરકસી છે અને લશ્કરમાં જોડાવવા લોકોને પ્રેરિત કરવાં ઠેરઠેર સેમિનાર યોજે છે. રેડિયો પર દેશપ્રેમનાં વાર્તાલાપ પણ કરે છે.

પરિણામ સ્વરૂપ લોકો લશ્કરમાં જોડાઈ છે. અનુરાધાબહેન કહે છે કે મારે મારા પુત્રનુ મિશન પુરું કરવું છે અને એને આપેલું વચન કે કેપ્ટન વિનાયકની મમ્મી કયારેય પણ નહી રડે કારણ એનો પુત્ર તો અમર છે .

આવી માતાઓ આપણી આ ભારતભૂમિ પર છે ને ત્યાં સુધી કોઈ શત્રુ પગ તો શું પણ નજર પણ નાંખી નહીં શકે.

નારીસશક્તિકરણ આને જ કહેવાય આવી જ વીરમાતાઓના કુખે જન્મ લેનાર સપૂતો માતાનાં ધાવણને કદી નહીં લજવે......

વંદન છે આવી વીરમાતાઓને
જીજ્ઞા કપુરિયા 'નિયતી'

## ડો. હર્ષ કુમાર ભાનવાલાની એમસીએક્સના ચેરમેન તરીકે નિમણૂંક



મુંબઈ: સિક્યોરિટીઝ કોન્ટ્રેક્ટસ (રેગ્યુલેશન) (સ્ટોક એક્સચેન્જિસ એન્ડ ક્લિયરિંગ કોર્પોરેશન્સ) રેગ્યુલન્સ ૨૦૧૮ની જોગવાઈઓની શરતે ડૉ. હર્ષકુમાર ભાનવાલાની એમસીએક્સના ગવર્નિંગ બોર્ડના ચેરમેન તરીકેની નિમણૂંકની મંજૂરી પર સેબીએ મહોર મારી છે તે અમે આપને જણાવવા ઉત્સુક છીએ.

ડૉ. ભાનવાલા નેશનલ બેક્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)માં ૧૮ ડિસેમ્બર ૨૦૧૩થી ૨૭ મે ૨૦૨૦ સુધી ચેરમેન રહ્યા હતા. ઉપરાંત તેઓ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ કંપની લિમિટેડ (આઈઆઈએફસીએલ)ના ચેરમેન કમ મેનેજમેન્ટ ડિરેક્ટર પણ હતા.

આ સિવાય તેઓ સરકારની રેગ્યુલેટરી ઓથોરિટીની વિવિધ સમિતિઓમાં પણ રહ્યા હતા જેમાં છેલ્લે તેઓ સેબીની સોશિયલ સ્ટોક એક્સચેન્જ (એસએસઇ-ટીજી) ટેકનિકલ ગ્રુપમાં ચેરમેન હતા.

તેઓ ડેવલપમેન્ટ ફાઇનાન્સ, ઓર્ગેનાઇઝેશનલ ટ્રાન્ફોર્મેશન એન્ડ સોલ્વીંગ પ્રોબ્લેમ્સ તેમજ ખેડૂતોની આવક કેવી રીતે વધારવા અને ટકાઉ કૃષિને કેવી રીતે ઉત્તેજન આપવું તેમાં ૩૬ વર્ષનો અનુભવ ધરાવે છે.

ડૉ. ભાનવાલા આઈઆઈએમ અમદાવાદમાંથી મેનેજમેન્ટમાં પોસ્ટગ્રેજ્યુએટ થયા છે અને મેનેજમેન્ટમાં પીએચડીની ડિગ્રી ધરાવે છે. તેમને તામિલનાડુ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, કોઇમ્બતુર અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ-સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યુટ ઓફ મુંબઇ તરફથી વિજ્ઞાનમાં માનદ ડૉક્ટરેટની ડિગ્રી પણ આપવામાં આવી છે. તેઓ નેશનલ ડેરી રિસર્ચ ઇન્સ્ટિટ્યુટમાંથી ડેરી ટેકનોલોજીના સ્નાતક છે.

એમસીએક્સ ડૉ. ભાનવાલાને અભિનંદન આપે છે અને તેમના નેતૃત્ત્વની અપેક્ષા રાખે છે.

## ૧૦ હજારથી વધુ કેસનો ઉકેલ, વચનો અમુક અંશે પૂરા થયા: સીજેઆઈ યુયુ લલિત

નવીદિલ્હી, તા.૮

ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિતે કહ્યું હતું કે, તેઓ તેમના વચનો અમુક હદ સુધી પૂર્ણ કરવામાં સક્ષમ છે, જેમાં ઓછામાં ઓછી એક બંધારણીય બેંચને દરેક સમયે કાર્યરત કરવી, સુનાવણી પ્રણાલીને સુવ્યવસ્થિત કરવી અને સુપ્રીમ કોર્ટમાં પેન્ડન્સી ઘટાડવાનો સમાવેશ થાય છે.સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા આયોજિત એક વિદાય સમારંભમાં જસ્ટિસ લલિતે કહ્યું કે જે દિવસથી તેમણે મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળ્યો છે ત્યારથી સુપ્રીમ કોર્ટમાં ૧૦,૦૦૦ થી વધુ કેસોનો ઉકેલ આવ્યો છે અને વધારાની ૧૩,૦૦૦ ખામીયુક્ત અરજીઓનો પણ નિકાલ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, આજે તમારી સામે મને એ વચનો યાદ છે જે મેં ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારે કર્યા હતા.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે મેં કહ્યું હતું કે, હું સૂચિની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરીશ. હું જોઈશ કે, ઓછામાં ઓછી એક બંધારણીય બેંચ સંપૂર્ણ રીતે કાર્યરત રહે અને નિયમિત બાબતોને ટૂંક સમયમાં તારીખ મળે. મારે કહેવું જ જોઈએ કે, એક હદ સુધી હું તે વચનો પૂરા કરવામાં સફળ રહ્યો છું.

જસ્ટિસ લલિતે કહ્યું કે, જે દિવસે તેમણે ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા હતા તેમણે અન્ય તમામ જસ્ટિસ સાથે એક પૂર્ણ અદાલતની મીટિંગ કરી હતી અને તેમણે ૩૪ સ્વીકૃત પદના મુકાબલે ૩૦ જસ્ટિસ સાથે શરૂઆત કરી હતી.

તેમણે કહ્યું કે, આજે આપણે ૨૮ છીએ આવતીકાલે ૨૭ થઈ શકે છે. તેથી મેં ફક્ત ૩૦ ને ૫ નંબરથી વિભાજિત કર્યું અને કહ્યું કે, છ બંધારણીય બેંચ શક્ય છે. એકથી છ સુધી અમે નક્કી કર્યું છે કે, તમામ ૩૦ ન્યાયાધીશો કોઈને કોઈ બંધારણીય બેંચનો ભાગ હશે અને શક્ય તેટલા ઓછા સમયમાં અમે છ બેંચ ચાલુ કરી શકીએ છીએ.

## યુટ્યુબ સિંગર ફરમાની નાઝનો પરિવાર લૂંટારૂ નીકળ્યો, ભાઈ સહીત આઠની ધરપકડ

### ટોળકીએ રક્ષકોને બંધક બનાવીને ૨૫ ક્વિન્ટલ લોખંડના સળિયાની લૂંટ કરી હતી.

મુઝફ્ફરનગર,તા.૮

મુઝફ્ફરનગરના મોહમ્મદ લોહદ્દાના રહેવાસી યુટ્યુબર ફરમાની નાઝના પરિવારમાંથી ભાઈ સહિત આઠ લોકોની સરથાણા પોલીસ સ્ટેશને લૂંટના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. ઈન્ડિયન આઈડલ અને હર-હર શંભુ ભજનો ગાવાથી ચર્ચામાં આવેલા સિંગર ફરમાની નાઝના પિતા આરીફ ગેંગ બનાવીને લોખન્ડના સળિયાની લૂંટ ચલાવતા હતા. જેનો સોમવારે પોલીસે પર્દાફાશ કર્યો હતો.

આ ટોળકીએ રક્ષકોને બંધક બનાવીને ૨૫ ક્વિન્ટલ લોખંડના સળિયાની લૂંટ કરી હતી. ફરમાનીના ભાઈ અરમાન સહિત આઠ બદમાશો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. તેના પિતા અને જીજા સહીત સાત આરોપીઓ



ફરાર છે. આરોપીઓના કબજામાંથી ૨૦૦ ક્વિન્ટલ લોખંડના સળિયા અને પીકઅપ મળી આવ્યું હતું.

અંગે સ્થાનિક એસપીના જણાવ્યા અનુસાર તેહરકી ગામમાં પાણીની ટાંકી બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ માટે ગામની સીમમાં ૨૫ ક્વિન્ટલ જેટલી લોખંડના સળિયા મંગાવ્યા હતા. ૧૦ ઓક્ટોબરની રાત્રે, બદમાશોએ બે ગાર્ડને બંધક બનાવ્યા અને લોંખડના સળિયાની લૂંટ ચલાવી હતી. અને આ સળિયા પીકઅપ ડાલુમાં ભરી લઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી બદમાશોની શોધખોળ શરૂ કરી હતી. મોબાઈલ ટાવરના મ્જીમાંથી પોલીસ બદમાશો સુધી પહોંચી હતી.

પૂછપરછ દરમિયાન આરોપીએ તહેરકી લૂંટની કબૂલાત કરી હતી. પોલીસે ૨૦૦ કિલોગ્રામ બાર કબજે કર્યા છે. આરોપી યુટ્યુબર ફરમાની નાઝનો ભાઈ છે. આ ગેંગમાં ફરમાનીના પિતા આરીફ અને પરિવારના સભ્ય પણ સામેલ હોવાનું કહેવાય છે. કો-ગેંગ ઘણા વર્ષોથી ટ્રકમાંથી બારની ચોરી કરીને અન્ય જગ્યાએ સપ્લાય કરતી હતી.

આરીફ ચોરી અને લૂંટના હથિયારો છુપાવતો હતો. એસએસપીએ કહ્યું કે ધરપકડ કરાયેલા આઠ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. ફરાર આરોપીઓને પકડવા માટે મુઝફ્ફરનગરમાં અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, પરંતુ સફળતા મળી ન હતી.

## એલટીસી પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, હવે વિદેશ યાત્રાના નામે નહીં મળે લાભ

નાવીદિલ્હી,તા.૮

જો તમે વિદેશ પ્રવાસ કરો છો અને એલટીસી સુવિધાનો લાભ લઈ રહ્યા છો, તો હવે તમે આ સુવિધાનો લાભ લઈ શકશો નહીં. કારણ કે ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિતની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેન્ચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિરુદ્ધ મોટો નિર્ણય સંભળાવ્યો છે કે હવે કોઈ પણ કર્મચારીને વિદેશ પ્રવાસ માટે લીવ ટ્રાવેલ કન્સેશનનો લાભ આપવામાં આવશે નહીં. એટલે કે, હવે કર્મચારીઓની વિદેશ યાત્રા માટે એલટીએ પર ટીડીએસ વસૂલવામાં આવશે, કારણ કે ન્ઝ માત્ર દેશની અંદર મુસાફરી માટે માન્ય છે. આના પર વિદેશ પ્રવાસ લાગુ પડતો નથી. દિલ્હી હાઈકોર્ટના નિર્ણય સામે એસબીઆઇ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ કોર્ટે ફગાવી દીધી છે .ચીફ જસ્ટિસ ઉદય ઉમેશ લલિત, જસ્ટિસ એસ. રવીન્દ્ર ભટ અને જસ્ટિસ સુધાંશુ ધુલિયાની બેન્ચે જણાવ્યું હતું કે કાયદાની જોગવાઈઓ જણાવે છે કે ભારતની અંદર બે પોઈન્ટ વચ્ચેનું હવાઈ ભાડું આપવામાં આવશે જે સૌથી ટૂંકો માર્ગ હશે. લીવ ટ્રાવેલ કન્સેશનએ એક પ્રકારનું ભથ્થું છે જે નોકરીદાતા દ્વારા કર્મચારીને મુસાફરી માટે આપવામાં આવે છે. જ્યારે તે કામ પરથી રજા પર હોય અને દેશની અંદર મુસાફરી કરી રહ્યા હોય. તો કંપનીઓ રજાઓ પર જવા માટે તેમના કર્મચારીઓને લીવ ટ્રાવેલ કન્સેશન આપે છે. તમારા માટે નક્કી કરેલ એલટીસીની રકમ આ પ્રવાસની કિંમત બતાવીને મેળવી શકાય છે. સરકાર એલટીસીના રૂપમાં ખર્ચવામાં આવેલા પૈસા પર ટેક્સમાં છૂટ પણ આપે છે.

એલટીસી પર કર મુક્તિ માટે, ફક્ત તે જ મુસાફરી ખર્ચનો સમાવેશ કરી શકાય છે જે તેમના દેશ (ભારત) ની સરહદોની અંદર છે. ભલે તે હવાઈ મુસાફરી હોય. આમાં વિદેશ પ્રવાસના ખર્ચનો સમાવેશ કરી શકાય નહીં. તેના આધારે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવ્યો છે.

કોર્ટે આ બાબત પર ચુકાદો આપતાં અવલોકન કર્યું હતું કે આવકવેરા કાયદાની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કર્મચારી જે ક્ષણે વિદેશ પ્રવાસ કરે છે, તે ભારતની અંદરની મુસાફરી નથી અને તેથી તેને કલમ ૧૦(૫)ની જોગવાઈઓ હેઠળ આવરી શકાય નહીં. ). આવકવેરા અધિનિયમ ૧૯૬૧ પગારદાર વર્ગને વિવિધ મુક્તિ પ્રદાન કરે છે. કાયદા હેઠળ પગારદાર વર્ગ માટે ઉપલબ્ધ અને કંપની દ્વારા વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી આવી મુક્તિમાંની એક લીવ ટ્રાવેલ એલાઉન્સ (એલટીએ/ રજા યાત્રા કન્સેશન (એલટીસી) છે.

## બંગાળમાં અલકાયદા સાથે જોડાયેલ શખ્સની ધરપકડ, આતંકી જૂથમાં ભરતી કરાવતો હતો

### જેમની ધરપકડ કરાઇ હતી તેઓએ તેનાં છૂપાવાના સ્થળ અંગે માહિતી આપી હતી.

કોલકતા,તા.૮

ત્રાસવાદી જૂથ અલ કાયદા ઈન ધ ઈન્ડિયન સબ કોન્ટીનરના સભ્ય મનાતા એક ૨૦ વર્ષના શખ્સની ૨૪ પરગણા જિલ્લાનાં મથુરાપુર ગામેથી પોલીસે તેના છૂપાવવાના સ્થળ સુધી પહોંચી જઈ ધરપકડ કરી હતી. તેની ધરપકડ કરવા પોલીસે શનિવારે રાત્રે આબાદ છટકું ગોઠવ્યું હતું. ધરપકડ કર્યા પછી પોલીસે તેની રીમાન્ડ માગી હતી જે પ્રમાણે તા. ૧૪મી સુધીની કોર્ટે રીમાન્ડ પણ મંજુર કરી હતી.

આ અંગે કોલકતા પોલીસનાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સે જણાવ્યું હતું કે તેની પહેલાં જેમની ધરપકડ કરાઇ હતી તેઓએ તેનાં છૂપાવાના સ્થળ અંગે માહિતી આપી હતી. તે ઉપરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની ઉપર ખોટા આઈડી કાર્ડ બનાવવાના અને આતંકી જૂથમાં અન્ય યુવાનોની ભર્તી કરવાના તથા તે આતંકીઓને પાયાની જરૂરિયાતો પહોંચાડવાના આરોપો છે. તેને પકડવા માટે મથુરાપુરમાં શનિવારે રાત્રે જ એક છટકું ગોઠવ્યું હતું જેમાં તે આબાદ ફસાઈ ગયો હતો. અને તેનાં છૂપાવાનાં સ્થળમાંથી બહાર આવ્યો કે તુર્ત જ તેની ધરપકડ કરવામાં આવી હતી. અમે તે કાર્યવાહી એટલી ઝડપથી કરી હતી કે તેને માટે નાસવાની કે શસ્ત્રો દ્વારા સામનો કરવાની પણ તક મળી ન હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, શનિવારે સાંજે એસટીએફે સૌથી પહેલા અઝીઝુલ હકની મથુરાપુર સ્થિત તેના ઘરેથી ધરપકડ કરી હતી. અઝીઝુલની પૂછપરછમાં મનીરુદ્દીન ખાનનો ખુલાસો થયો હતો, જેણે પાડોશી બાંગ્લાદેશમાં પ્રતિબંધિત સંગઠન અલ કાયદા તેમજ અંસારુલ્લા બાંગ્લા ટીમ માટે આ વિસ્તારમાં મુખ્ય લોજિસ્ટિક્સ એજન્ટ તરીકે કામ કર્યું હતું. જે બાદ તેની પણ ધરપકડ કરવામાં આવી હતી.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે મનિરુદ્દીન ખાન (૨૦) મુખ્યત્વે બનાવટી ભારતીય ઓળખ કાર્ડ, મોબાઈલ સિમ કાર્ડ, બેંક ખાતાઓની વ્યવસ્થા કરવામાં અને બાંગ્લાદેશથી આવતા અલ કાયદાના સભ્યોને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડવામાં સામેલ હતો. તે ઈન્ટરનેટ મીડિયા દ્વારા સ્થાનિક યુવાનોમાં અલ કાયદાનો સંદેશ ફેલાવવામાં અને પ્રતિબંધિત સંગઠનમાં જોડાવા માટે પ્રલોભિત કરવામાં પણ સામેલ હતો.

તમને જણાવી દઈએ કે બંગાળના અલગ-અલગ વિસ્તારોમાંથી અલકાયદા સાથે જોડાયેલા લોકોની ધરપકડ કરવાની પ્રક્રિયા આ વર્ષે ૧૭ ઓગસ્ટથી શરૂ થઈ હતી જ્યારે એસટીએફએ ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બારાસત બ્લોકના સરસાન ગામમાંથી બે આતંકવાદીઓ રકીબ સરકાર અને કાઝી અહસાનુલ્લાની ધરપકડ કરી હતી.

## સુપ્રિયા સુલેને અપશબ્દો બોલવા બદલ મહારાષ્ટ્રના મંત્રી સામે એફઆઈઆર

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના રાજકારણમાં મંત્રી અબ્દુલ સત્તારના નિવેદનથી નવો વિવાદ સર્જાયો છે. નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ મહારાષ્ટ્રના મંત્રી અબ્દુલ સત્તાર વિરુદ્ધ એક ટીવી ઇન્ટરવ્યૂ દરમિયાન પાર્ટીના સાંસદ અને શરદ પવારના પુત્રી સુપ્રિયા સુલેને કથિત રીતે અપશબ્દો બોલવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે.અબ્દુલ સત્તારના ઘરની બહાર એનસીપી કાર્યકરોએ ઉગ્ર વિરોધ કર્યો અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

બાદમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને કેટલાક કાર્યકરોને કસ્ટડીમાં લીધા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે મંત્રીના ઘરમાં તોડફોડ કરવામાં આવી હતી અને પથ્થરમારો કરીને કાચ પણ તોડી પાડવામાં આવ્યા હતા. સત્તારને લાંચની ઓફરના આરોપો વિશે પૂછવામાં આવ્યું હતું ત્યારે તેમણે મિજાજ ગુમાવ્યો હતો અને કથિત રીતે સાંસદ સામે અપશબ્દો બોલ્યા હતા. ઉપનગરીય મુંબઈના બોરીવલી પોલીસ સ્ટેશનમાં એડવોકેટ ઈન્દરપાલ સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી તેમની ફરિયાદમાં, એનસીપી કાર્યકર્તાઓએ સત્તાર પર 'દેશની સમગ્ર મહિલા સમુદાયનું અપમાન' કરવાનો આરોપ મૂક્યો હતો.

એનસીપીએ તેના ફરિયાદ પત્રમાં જણાવ્યું હતું કે ૭ નવેમ્બરે લોકશાહી મરાઠી ન્યૂઝ ચેનલ પર કેબિનેટ મંત્રી અબ્દુલ સત્તારે સાંસદ સુપ્રિયા સુલે વિરુદ્ધ અપમાનજનક અને અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો હતો. જ્યારે લોકશાહીના પત્રકારોએ તેમને '૫૦ ખોખા (રૂ. ૫૦ કરોડનો આરોપ)' વિશે પૂછ્યું તો તેઓ ગુસ્સે થઈ ગયા અને ગંદી ભાષામાં જવાબ આપ્યો હતો.

## પી.ચિદમ્બરમનો ભાજપ પર પ્રહાર, મોરબી બ્રિજ માટે સરકાર તરફથી કોઈએ માફી માંગી નથી

અમદાવાદ,તા.૮

ગુજરાતના મોરબી બ્રિજ અકસ્માતમાં ૧૩૫થી વધુ લોકોના મોત થયા છે. પરંતુ ગુજરાત સરકારે આ અંગે કોઈ મોટી કાર્યવાહી કરી ન હતી. બ્રિજ દુર્ઘટનાને લઈને રાજકારણ પણ તેજ બન્યું છે. મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપ પર સતત પ્રહારો કરી રહી છે.કોંગ્રેસના નેતા પી ચિદમ્બરમે મંગળવારે મોરબી બ્રિજ દુર્ઘટનાને લઈને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. પી ચિદમ્બરમે કહ્યું કે મોરબી અકસ્માતે ગુજરાતનું નામ શરમજનક બનાવ્યું છે. વડા પ્રધાન મોદી પર કટાક્ષ કરતાં પી ચિદમ્બરમે કહ્યું કે, ગુજરાતની સરકાર ત્યાંના મુખ્ય પ્રધાન ચલાવતા નથી, પરંતુ દિલ્હીથી સંચાલિત થાય છે.

અમદાવાદમાં પત્રકાર પરિષદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કોંગ્રેસના સાંસદ પી.ચિદમ્બરમે જણાવ્યું હતુ કે મોરબી બ્રિજ તૂટી પડવાની ઘટનાએ ગુજરાતનું નામ શરમમાં મૂક્યું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ ઘટના માટે સરકાર તરફથી કોઈએ માફી માંગી નથી. આની જવાબદારી લેતા કોઈએ રાજીનામું આપ્યું નથી.

## પૂર્વ આઈપીએસ ડીજી વણઝારાએ પ્રજા વિજય પક્ષની જાહેરાત કરી

અમદાવાદ,તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું બ્યુંગલ વાગી ચૂક્યું છે ,ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ હવે ચૂંટણીનો માહોલ જામ્યો છે, જેમ જેમ મતદાનના દિવસો નજીક આવી રહ્યા છે તેમ તેમ રાજકિય સમીકરણ બદલાઈ રહ્યા છે. હાલ રાજકિય પાર્ટીઓ પોતાના સમીકરણ ગોઠવવા માટે તાડમાર તૈયારીઓમાં લાગી ગયા છે.હાલ રાજ્યમાં નવી પાર્ટી અને અપક્ષ ઉમેદવારો પણ સામે આવી રહ્યા છે. ચૂંટણી પહેલા ગુજરાતના બહુચર્ચિત નામ અને પૂર્વ આઈપીએસ ડિજી વણઝારાએ નવી રાજકિય પાર્ટીની સ્થાપના કરી છે . નવા પક્ષનું નામ પ્રજા વિજય પક્ષ રાખવામાં આવ્યું છે.નોધનીય છે કે આઈપીએસ અધિકારી ડી જી વણઝારા ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ સીપી, એટીએસ ચીફ જેવી મહત્વનની જગ્યાઓ પર ફરજ બજાવી ચુક્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન તેઓ એક્રાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ તરીકે વધુ જાણીતા બન્યા હતા.

## દારૂ પીવો, થીનર સૂંઘો, આયોડેક્સ ખાઓ પરંતુ પાણીની કિંમત સમજો: ભાજપ સાંસદ

રીવા,તા.૮

ધ્યપ્રદેશના રીવાથી સાંસદ જનાર્દન મિશ્રાએ એક વિચિત્ર નિવેદન આપ્યું છે.

સાંસદ જનાર્દન મિશ્રાએ કહ્યું કે 'દારૂ, ગાંજા, કોરેક્સ પીઓ કે પછી થિનર સોલ્યુશન સૂંઘો કે પછી આયોડેક્સ ખાઓ, કંઈ પણ કરો પણ પાણીની કિંમત સમજો.'

વાસ્તવમાં મધ્યપ્રદેશના સ્થાપના દિવસ પર રીવાના સાંસદ જનાર્દન મિશ્રા રીવાના કૃષ્ણ રાજ કપૂર ઓડિટોરિયમમાં જળ સંરક્ષણ અને સંવર્ધન પર વર્કશોપ દરમિયાન લોકોને સંબોધિત કરી રહ્યા હતા.

આ દરમિયાન મિશ્રાએ કહ્યું કે વીજળી બિલ માફ કરી શકાય છે, મફત રાશન પણ મળી શકે છે કારણ કે સરકારો ચૂંટણી સમયે મોટા મોટા વચનો આપતી હોય છે. પરંતુ જો કોઈ મફત પાણીની વાત કરે તો તેનો વિશ્વાસ કરવો જોઈએ નહીં, કારણ કે તે શક્ય નથી.આ સંદર્ભમાં જનાર્દન મિશ્રાએ એક ટ્વિટમાં જણાવ્યું હતું કે કૃષ્ણ રાજ કપૂર ઓડિટોરિયમ ખાતે પબ્લિક હેલ્થ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'હર ઘર જલ' જલ જીવન મિશન અંતર્ગત સામાન્ય લોકોને જળ સંરક્ષણ અને પાણીના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રીવાના કલેક્ટર પીએચઈ શરદ સિંહ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે રીવાના સાંસદ જનાર્દન મિશ્રા અવારનવાર પોતાના નિવેદનોને લઈને ચર્ચામાં રહે છે.

આની પહેલા પણ તેઓ અનેક વિચિત્ર નિવેદન આપીને વિવાદોમાં ફસાઈ ચૂક્યા છે. તેઓ તેમના નિવેદનોને કારણે ખૂબ ચર્ચામાં રહે છે. મિશ્રાએ સ્વચ્છતા અંગે નિવેદન આપ્યું હતું કે સ્વચ્છતાના સાધનોનો ઉપયોગ કર્યા વિના હાથેથી શૌચાલય સાફ કરવાનું નિવેદન આપ્યું હતું.

એટલું જ નહીં સાંસદ જનાર્દન મિશ્રાએ ભ્રષ્ટાચારના મામલામાં અધિકારીઓને જમીનમાં દાટી દેવાની વાત પણ કરી હતી. ત્યાર બાદ તેમને વિવાદોનો સામનો કરવો પડ્યો હતો.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રાનું રાજકોટ ખાતે ભવ્ય સ્વાગત – ત્રિવેદી, અજુડિયા

**આ વખતે ગુજરાતમાં પરિવર્તન આવશેઃ પ્રદિપ ત્રિવેદી**
**આ યાત્રા થકી કોંગ્રેસ પક્ષનો એજન્ડા પ્રજાને માહિતગાર કરવાનો છે – સંજય અજુડિયા**



રાજકોટ,

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદીમાં જણાવ્યું છે કે તા.૦૭/૧૧/૨૦૨૨ના રોજ રાજકોટ ખાતે પધારેલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રા લઈ પધારેલ રાજ્ય સભાના સાંસદ અને ગુજરાત વિધાનસભાના પૂર્વ વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ ગઢવી રાજકોટ ખાતે પધાર્યા આ તકે જણાવેલ કે છેલ્લા ત્રણ દાયકા જેટલા સમયથી ભાજપના કુશાસન, ખોટી નીતિ અને અણઘડ વહિવટથી ગુજરાતની પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. સમાજના તમામ વર્ગો પોતાના અસ્તિત્વ માટે લડાઈ લડી રહ્યાં છે. ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારીથી સામાન્ય જનતાનું જીવન અસહ્ય બન્યું છે. દિન-પ્રતિદિન આવશ્યક ચીજ-વસ્તુઓના ભાવમાં તોતિંગ વધારો, કથળેલી સ્વાસ્થ્ય સુવિધાઓ તેમજ કાયદો અને વ્યવસ્થાની ખાડે પડેલી પરિસ્થિતિમાં ગુજરાતની પ્રજા આ કુશાસનથી મુક્તિ મેળવવા કોંગ્રેસને વિજયતિલક કરવા થનગની રહી છે, ત્યારે સમગ્ર રાજકોટમાં અને રાજ્યમાં ચોમેરથી પ્રજામાં કોંગ્રેસની આ પરિવર્તન સંકલ્પ યાત્રા રાજકોટના વિવિધ મુખ્ય માર્ગો ઉપર પસાર થઈ સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો કાર્યકરો બાઈક સાથે જોડાયા હતા અને પ્રજામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાજકોટ ખાતે ગુજરાતની પરિવર્તન યાત્રા રાજકોટ આવી પહોંચતા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. ૧૨૫ ઉપરાંતની સીટો સાથે કોંગ્રેસ ગુજરાતની જનતાના દીલ જીતે લેશે એવો આત્મ વિશ્વાસ કોંગ્રેસના નેતાઓએ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર હિતેશભાઈ વોરા અને સુરેશભાઈ બથવારે પરિવર્તન સંકલ્પ યાત્રાનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ભાજપના મુળિયા સાફ થશે આ વખતે ગુજરાતમાં પરિવર્તન આવશે. જે કોંગ્રેસનો ફરતો રથમાં ઉમટેલી માનવ મેદની તેની સફળતા બતાવે છે.

ગુજરાતની વિધાનસભા ચૂંટણીના પડઘમ વચ્ચે રાજ્યમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. આ વખતે રાજકીય સમીકરણો અને સ્થિતિ કંઈક જુદો જ રાગ આલાપી રહ્યા છે.

આ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી 'કોંગ્રેસનું કામ બોલે છે' સુત્રથી પ્રચાર કરી રહી છે. હવે કોંગ્રેસે રણનિતી અનુસાર પ્રચાર કરવા કમર કસી છે.

ત્યારે કોંગ્રેસ મહતમ બેઠકો હાંસલ કરવા પરિવર્તન સંકલ્પ યાત્રા થકી સમગ્ર ગુજરાતમાં પ્રચાર કરી રહી છે.

આ તકે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડિયા, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણી, ઉમેદવાર હિતેશભાઈ વોરા, સુરેશભાઈ બથવાર તેમજ પ્રદેશ કોંગ્રેસ હોદેદારો, આગેવાનો, વોર્ડ પ્રમુખો, વિવિધ ફ્રન્ટલ-સેલ વિભાગના ચેરમેન-વડાઓ, શહેર કોંગ્રેસ સમિતિના તમામ હોદ્દેદારો, અને તમામ શ્રેણીના આગેવાનો કાર્યકર ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પરિવર્તન યાત્રાનું સ્વાગત કર્યુ હતું.

(વિરલ ભટ્ટ)

## વિધાનસભા ચૂંટણી અન્વયે ભાજપના ચૂંટણી સંકલ્પ પત્ર માટે નાગરિકોનો અભિપ્રાય મેળવવા પ્રદેશ ભાજપ દ્વારા શરૂ કરાયેલ 'અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર' અભિયાનનું શહેર ભાજપ દ્વારા સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું

### આગામી દિવસોમાં ભાજપા સંગઠન દ્વારા દરેક વોર્ડમાં 'અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર' અભિયાન હેઠળ જનતાના અભિપ્રાય એકત્રિત કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે, આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ભાજપના ચૂંટણી સંકલ્પપત્ર માટે નાગરિકોના સુઝાવ મેળવવા પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં શરૂ કરાયેલા અગ્રેસર ગુજરાત અભિયાનનું શહેર ભાજપ દ્વારા સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગરના મેયરશ્રી હિતેશ મકવાણા, મહામંત્રીશ્રીઓ ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અગ્રણીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ સે-૧ શોપિંગ સેન્ટર ખાતે નાગરિકોનો ચૂંટણી સંકલ્પ પત્રમાં સમાવેશ કરવા ઈચ્છતા મુદ્દાઓ અંગે અભિપ્રાય લઈને સુઝાવ પેટીમાં એકત્રિત કર્યા હતા. આ જ મુજબ આગામી દિવસોમાં ભાજપા સંગઠન દ્વારા દરેક વોર્ડમાં 'અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર' અભિયાન હેઠળ જનતાના અભિપ્રાય એકત્રિત કરવામાં આવશે.






## ગુજરાતનો જ્વલ એસ. પટેલ અંડર-૧૧ નેશનલમાં ચેમ્પિયન બન્યો હતો જ્યારે ગર્લ્સ કેટેગરીમાં અદિત્રી શોમ પાંચમા સ્થાને રહી હતી



૬ઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો જ્વલ એસ.પટેલ. અમદાવાદની ઉદગમ સ્કૂલ ઓફ ચિલ્ડ્રેનમાં અને અદિત્રી શોમ, ૬ઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે. ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદમાં તાજેતરમાં ગુરુગ્રામ, હરિયાણા ખાતે યોજાયેલી સ્ન ૩૫મી નેશનલ અંડર-૧૧ ચેસ ચેમ્પિયનશિપ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું.

ઓપન કેટેગરીમાં જોરદાર પ્રદર્શન કરીને, Jval (ELO 1702) એ ૧૦ પોઈન્ટ્સ મેળવ્યા. અને ટેબલ પર પ્રથમ સ્થાન મેળવ્યું. ૧૧મા રાઉન્ડમાં જ્વલ અને તમિલનાડુના આદર્શ કે વચ્ચેની મેચ ડ્રોમાં પરિણમી હતી. ૧૦ પોઈન્ટ સાથે જ્વલ ચેમ્પિયનશિપ જીતી જે તેને બોર્ડમાં ટોચ પર રાખે છે.

જ્યારે ગર્લ્સ કેટેગરીમાં ગુજરાતની પ્રતિભાશાળી ખેલાડી પૈકીની એક અદિત્રી શોમે ૮.૫ ગુણ મેળવ્યા છે. જે તેણીને બોર્ડમાં ૫મા સ્થાને મૂકે છે. ૧૧મા રાઉન્ડમાં અદિત્રીએ તમિલનાડુની શાનમાથી શ્રી એસને હરાવીને ૫મું સ્થાન મેળવ્યું.

શ્રી ભાવેશ પટેલ (ઉપપ્રમુખ, ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન) આ બંને ખેલાડીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવે છે.

## અમદાવાદ આર.ટી.ઓ. દ્વારા મોટર સાઈકલ, એલએમ.વી. કાર, થ્રી-વ્હીલર અને ટ્રાન્સપોર્ટ વાહનોમાં અગાઉની સીરિઝમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન શરૂ થશે




પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે.

જેમાં ભાગ લેવા ઈચ્છૂક વાહનમાલિકોએ આગામી તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૨ બપોરે ૦૪.૦૦ કલાક પછીથી ૧૭ નવેમ્બર, ૨૦૨૨ બપોરે ૦૪.૦૦ કલાક સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

મોટર સાઈકલ, એલએમ.વી. કાર, થ્રી-વ્હીલર અને ટ્રાન્સપોર્ટ વાહનોમાં અગાઉની સીરીઝમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન શરૂ કરવામાં આવનાર છે.

આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી http://vahan.parivahan.gov.in/fancy પર આગામી તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૨ બપોરે ૦૪.૦૦ કલાક પછીથી ૧૭ નવેમ્બર, ૨૦૨૨ બપોરે ૦૪.૦૦ કલાક સુધીમાં ઑનલાઈન રજિસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનું રહેશે.

ત્યારબાદ તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૨ બપોરે ૦૪.૦૦ કલાક પછીથી ૧૯ નવેમ્બર, ૨૦૨૨ બપોરે ૦૪.૦૦ કલાક સુધીમાં ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છૂક અરજદારોએ http://vahan.parivahan.gov.in/fancy વેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વીમાની તારીખ, એ બેમાંથી જે વહેલું હશે તે તારીખથી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોય તેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે.

નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારે હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડની રકમનાં નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ રીતથી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.

## ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબના નેતૃત્વમાં કોંગ્રેસના સૌથી દિગ્ગજ નેતા શ્રી મોહનસિંહ રાઠવા તેમના પુત્ર રાજુભાઇ રાઠવા અને સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીની વિકાસની કામગીરીથી પ્રેરીત થઇ કોંગ્રેસને રામ રામ કરી આજે ભારતીય જનતા પાર્ટીમાં વિધીસર જોડાઇ ગયા છે



**શ્રી રાઠવાને ભારતીય જનતા પાર્ટીના મિડીયા સેન્ટર ખાતે**
**રાજ્ય સરકારના પૂર્વ મંત્રીશ્રી દિલિપભાઇ સંઘાણી,**
**પ્રદેશ ભાજપાના મહામંત્રીશ્રી ભાર્ગવભાઇ ભટ્ટ અને શ્રી પ્રદિપસિંહજી વાઘેલાએ**
**ખેસ પહેરાવી આવકાર્યા હતાં**
**---**
**ભારતીય જનતા પાર્ટીનું કાર્યાલય જોવાનો આજે મને અવસર મળ્યો છે તે મારૂ સદભાગ્ય છે – શ્રી મોહનસિંહ રાઠવા**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબના નેતૃત્વમાં કોંગ્રેસના સૌથી દિગ્ગજ નેતા શ્રી મોહનસિંહ રાઠવા તેમના પુત્ર રાજુભાઇ રાઠવા, શ્રી રણજીતભાઇ રાઠવા અને સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીની વિકાસની કામગીરીથી પ્રેરીત થઇ કોંગ્રેસને રામ રામ કરી આજે ભારતીય જનતા પાર્ટીમાં વિધીસર જોડાઇ ગયા છે. શ્રી રાઠવાને ભારતીય જનતા પાર્ટીના મિડીયા સેન્ટર ખાતે રાજ્ય સરકારના પૂર્વ મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી, પ્રદેશ ભાજપાના મહામંત્રીશ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, અને શ્રી પ્રદિપસિંહજી વાઘેલાએ ખેસ પહેરાવી આવકાર્યા હતાં. ત્યારબાદ શ્રી ભાર્ગવભાઇ ભટ્ટે શ્રી મોહનસિંહ રાઠવાનો રાજકીય અને વ્યક્તિગત પરિચય કરાવ્યો હતો.

શ્રી મોહનસિંહ રાઠવાએ ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા સમયે પત્રકારો સાથે વાત ચીત કરતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનું કાર્યાલય આજે મને જોવાનો અવસર મળ્યો છે તે મારૂ સદભાગ્ય છે. કોંગ્રેસ પાર્ટી સાથે આટલા વર્ષો સુધી કામ કર્યું તેમ છતા સમય સમય બળવાન હોવાના કારણે મેં કોંગ્રેસ પાર્ટી છોડી છે. આજે મને ભારતીય જનતા પાર્ટીમાં જોડનાર શ્રી દિલીપભાઇ સંઘાણીનો આભાર માન્યો હતો. શ્રી મોહનસિંહ રાઠવાએ વધુમાં જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં વિકાસની હરણફાળ ભારતીય જનતા પાર્ટીની સરકાર વધુ તેજ ગતિથી કરવા જઇ રહી છે અને મોદી સાહેબ સાથે મારી લાગણી અને વિશ્વાસ જોડાયેલ છે અને તેના કારણે જ હું આજે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલ છું. મારે કોઇ સાથે અણ બનાવ કે કોઇની સાથે વિરોધ નથી, પરંતુ તાજેતરમાં આદિવાસી વિસ્તારના ઉત્થાન માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જે યોજના અમલી કરી છે તેનાથી હું પ્રભાવીત થયો છું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મને કોંગ્રેસ દ્વારા ટીકીટ આપવાની નથી તેવું કહેવામાં આવેલ નથી તેમ છતાં મારી નવી પેઢીએ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇને જનતાની સેવા કરવાનું મન બનાવી લીધેલ હોવાથી હું મારા બંન્ને પુત્રો અને સમર્થકો સાથે આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો છું.. મારી તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી મારે કોઇ પક્ષમાંથી ચૂંટણી લડવાની ઈચ્છા નથી.

શ્રી મોહનસિંહ રાઠવાના ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાના સમયે રાજ્યના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, શ્રી પ્રદિપસિંહજી વાઘેલા, રાજ્ય સરકારના મંત્રીશ્રી પ્રદિપભાઇ પરમાર, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા શ્રી યમલભાઇ વ્યાસ, સહ પ્રવક્તા શ્રી કિશોરભાઇ મકવાણા, શ્રી ભરતભાઇ ડાંગર, મિડીયા સેલના કન્વીનર ડૉ. યજ્ઞેશ દવે, સહ કન્વિનર શ્રી ઝુબિનભાઇ આશરા, શ્રી જયરાજસિંહ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)



ખંભાત તાલુકાના ઉંદેલ મુકામે શક્તિ ફાર્મ ખાતે ખંભાત વિધાનસભાની ચૂંટણી લક્ષી વિશેષ બેઠક ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી સી.ટી.રવિ જીની પ્રેરક ઉપસ્થિતિમાં આણંદ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી વિપુલભાઈ પટેલ તથા સાંસદશ્રી મિતેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવી.

આ બેઠકમાં જિલ્લા મહામંત્રી શ્રી રમણભાઈ સોલંકી, શ્રી મયુરભાઈ સુથાર, ધારાસભ્યશ્રી મયુરભાઈ રાવલ, પ્રભારીશ્રી રાજુભાઈ પટેલ, શહેર-તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ-મહામંત્રી, પૂર્વ ધારાસભ્ય, તા.પં પ્રમુખ સહિત જિલ્લા/તાલુકા પંચાયત સભ્યો ઉપસ્થિત રહ્યા.

## વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો ! અસદુદ્દીન ઓવૈસી વંદે ભારતમાં મુસાફરી કરી રહ્યાં

સુરત,તા.૮

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના વડા અસદુદ્દીન ઓવૈસી સોમવારે ગુજરાત પહોંચ્યા હતા. આ દરમિયાન વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરી દરમિયાન પથ્થર ફેંકવાનો મામલો સામે આવ્યો છે. એઆઈએમઆઈએમ નેતા વારિસ પઠાણે દાવો કર્યો છે કે ગુજરાતમાં વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. અસદુદ્દીન ઓવૈસી પણ આ જ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમણે એવો દાવો કર્યો છે કે આ હુમલો ઓવૈસીને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો.વારિસ પઠાણે આ મામલે ટ્વીટ કર્યું હતું કે "સાંજે જયારે અમે અસદુદ્દીન ઓવૈસી સાહેબ, સાબીર કાબલીવાલા સાહેબ અને એઆઈએમઆઈએમની ટીમ અમદાવાદથી સુરત જતી વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે કેટલાક અજાણ્યા લોકોએ ટ્રેન પર પથ્થરમારો કર્યો અને કાચ તોડી નાખ્યા."

કહેવામાં આવી રહ્યું છે કે જે ટ્રેનમાં ઓવૈસી સવાર હતા તે જ કોચમાં પથ્થર વાગ્યો હતો. વારિસ પઠાણે પોતાના ટ્વીટમાં ઓવૈસીની આ મુલાકાત સાથે જોડાયેલી ઘણી તસવીરો પણ શેર કરી છે. આ તસવીરોમાં ટ્રેનની વિન્ડશિલ્ડ તૂટેલી જોવા મળી રહી છે.

## અમદાવાદમાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પણ કરોડોની લૂંટ, ક્રાઈમ બ્રાન્ચ સહિત પોલીસ દોડતી થઈ

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં શાહપુર મેટ્રો સ્ટેશન પાસે મોટી લૂંટની ઘટના બની છે મોડી સાંજે શાહપુર મેટ્રો સ્ટેશન પાસેથી બે બાઈક સવારો સોનાના દાગીના ભરેલી મત્તા લૂટી ગયા હતા. લૂંટારૂઓએ કુલ ૩.૫૦ કરોડના દાગીના ભરેલી બેગ આંચકી લીધી હતી. કરોડો રૂપિયાના સોનાના દાગીના ભરેલી બેગ લૂંટી લૂંટારૂઓ ફરાર થયાની જાણ થતા સિનિયર પોલીસ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસને જાણ કરતા જ ક્રાઈમ બ્રાન્ચ સહિત પોલીસ દોડતી થઈ ગઈ છે.

સી. જી. રોડ પર આવેલા એસ એસ તીર્થ ગોલ્ડ શોપમાં નોકરી કરતા પરાગ શાહ અને ધર્મેશ શાહ ૭ નવેમ્બરે સવારે સોનાના દાગીના ભરેલી બે બેગ લઈને અલગ અલગ જ્વેલર્સમાં દાગીના બતાવવા માટે ગયા હતા. તેઓ નરોડામાં આવેલ ઝવેરાત અને પ્રમુખ જ્વેલર્સ, નિકોલમાં ગિરિરાજ જ્વેલર્સ અને ત્યાર બાદ બાપુનગરમાં આવેલા ભવ્ય ગોલ્ડ પેલેસમાં દાગીના બતાવ્યા બાદ શાહપુર મેટ્રો સ્ટેશનથી સી. જી. રોડ પરત જઈ રહ્યાં હતા. તે દરમિયાન આ લૂંટનો બનાવ બન્યો હતો.

ભોગ બનનાર સોનાના દાગીના ભરેલ બેગ એક્ટિવા પર લઈને શાહપુર મેટ્રો સ્ટેશન પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક સ્પોર્ટ્સ બાઈક પર હેલ્મેટ પહેરીને બે વ્યક્તિ આવ્યા હતા. જેમાં પાછળ બેઠેલા શખ્સે બેગ છીનવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે ભોગ બનનારે એક્ટિવા રોકતા એક્ટિવા નમી ગઈ હતી. જે પછી તકનો લાભ લઈ એક્ટિવા આગળ મુકેલી એક બેગ લઈને ફરાર થવામાં લુંટારૂઓ સફળ થયા હતા, પણ અન્ય એક બેગ રહી ગઈ હતી. લૂંટારુંઓ લઈ ગયેલા બેંગમાં ૭.૫ કિલો સોના દાગીના હતા. જેની આશરે ૩.૫ કરોડ રૂપિયા કિંમત થાય છે.

સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ત્યારે ઉચ્ચ અધિકારી ઓ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો અને આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ લુંટારૂઓ જે દિશામાં ફરાર થયા છે. ત્યાંના સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે. પરતું શહેરમાં ચૂંટણી લઈ સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને પોલીસ પેટ્રોલિંગ વચ્ચે લૂંટની ઘટના બનતા પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. ત્યારે લૂંટારૂઓને શોધી કાઢવામાં પોલીસને કેટલા સમય માં સફળતા મળે છે તે જોવું રહ્યું.

## રાજકોટ પશ્ચિમ બેઠક પર ભાજપમાં ખેંચતાણ વધી, વજુભાઈએ તેમના પીએ તેજસ ભટ્ટી માટે ટિકિટ માગી

રાજકોટ,તા.૮

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ સત્તા મેળવવા રાજકીય પક્ષોએ ઝંઝાવાતી પ્રચાર શરૂ કરી દીધો છે. આમ આદમી પાર્ટીએ તો ઉમેદવારોની ૧૧મી યાદી જાહેર કરી છે. ત્યારે ભાજપના ઉમેદવારો માટે આજે દિલ્હીમાં મંથન થવાનું છે, જેના માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દિલ્હી દોડી ગયા છે. એ ઉપરાંત આજે પાટીદાર સંસ્થાઓના દિગ્ગજોની મીટિંગ પણ યોજાવાની છે. અરવિંદ કેજરીવાલ જૂનાગઢ, કેશોદ અને માંગરોળમાં રોડ શો કરશે. પી. ચિદમ્બરમે અમદાવાદમાં કહ્યું હતું કે મોરબી દુર્ઘટના અંગે સરકારે માફી માગી નથી, હું આશા રાખું છું કે હાઈકોર્ટ મુદ્દા ઉઠાવે. બીજી તરફ રાજકોટ પશ્ચિમ બેઠક પર ભાજપમાં આંતરિક ખેંચતાણ વધી છે. વજુભાઈ વાળાએ તેમના પીએ તેજસ ભટ્ટી માટે ટિકીટ માંગી છે અને છેક પાર્લામિન્ટરી બોર્ડ સુધી રજુઆત કરવા પહોંચ્યાં છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે રાજકોટ પશ્ચિમ બેઠક પર ભાજપમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ બેઠક પરથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરતાં જ સમીકરણો બદલાઈ ગયાં છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.